ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૯૭ । વિક્રમ સંવત ૨૦૮૧ : કારતક સુદ ૧૨ । પાના - ૧૦ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 97 • Dt. 13-10-2024 Wednesday • Page 10 • Price : Rs. 4 • City Office : Lok Patrika Media House, 72, City Centre, Nr. Swastik Cross Road, C.G. Road, Navrangpura, Ahmedabad 380009 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

13 NOVEMBER- 2024 WEDNESDAY




P.09

બોક્સ ઓફિસના આંકડાઓમાં વધુ પારદર્શિતાની જરૂર : અજય દેવગન



P.09

સોનુ સૂદને થાઈલેન્ડના બ્રાન્ડ એમ્બેસેડર બનાવવામાં આવ્યા

રશિયાનો યુક્રેન ઉપર બોંબ, ડ્રોન અને મિસાઇલથી હુમલો, ૬નાં મોત 09





09 દેશમાં છેલ્લા ૧૦ વર્ષમાં માર્ગ અકસ્માતોમાં ૧૫ લાખ લોકોએ જીવ ગુમાવ્યાં

**અમદાવાદથી ચોંકાવનારા સમાચાર સામે આવ્યા**

**અમદાવાદની એસજી હાઈવે પર આવેલી ખ્યાતિ હોસ્પિટલમાં ભારે હોબાળો : ખ્યાતિ હોસ્પિટલની સામે સરકાર એક્શન મોડમાં આવી : આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે સમગ્ર ઘટના અંગેની માહિતી મેળવીને તાત્કાલિક તપાસના આદેશ આપ્યા**

# અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં કડીના બે દર્દીના મોત

## દર્દીના સગાઓએ હોસ્પિટલમાં તોડફોડ કરી હતી. દર્દીઓના સગાઓનું કહેવું છે કે, કોઈ પણ જાણ વિના જ એન્જિયોગ્રાફી કરી દેવાઈ હતી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૨ ।

અમદાવાદથી ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં કડીના બે દર્દીના મૃત્યુ થયા છે. પરિવારજનોનો આરોપ છે કે, તબીબોએ ખોટી રીતે દર્દીઓને દાખલ કરી ઓપરેશન કર્યું હતું. એટલું જ નહીં, આ દરમિયાન પરિવારજનોને પૂછ્યા વિના જ સ્ટેન્ટ પણ મૂકી દીધા હતા. આ કારણસર બે દર્દીના મૃત્યુ નિપજ્યા છે. દર્દીના સગાઓએ હોસ્પિટલમાં તોડફોડ કરી હતી. દર્દીઓના સગાઓનું કહેવું છે કે, કોઈ પણ જાણ વિના જ એન્જિયોગ્રાફી કરી દેવાઈ હતી. આયુષ્યમાન કાર્ડથી હોસ્પિટલે રૂપિયા મેળવી લીધા હતા. ડોકટરોને ભગવાનનું બીજું રૂપ માનવામાં આવે છે કારણ કે તેઓ બીમારીઓને દૂર કરીને અને લોકોના જીવનને બચાવીને ખૂબ મહત્વપૂર્ણ કાર્ય કરે છે. પરંતુ ડૉક્ટર પરથી વિશ્વાસ ઉઠી જય તેવો એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અમદાવાદની એસજી હાઈવે પર આવેલી ખ્યાતિ હોસ્પિટલમાં ભારે હોબાળો થયો છે. દર્દીઓના પરિવારજનોએ આરોપ લગાવ્યો છે કે, "આ હોસ્પિટલમાંથી પરિવારને જાણ કર્યા વગર જ દર્દીઓના ઓપરેશન કરવામાં આવ્યાં છે. જેમાં બે લોકોનાં મૃત્યુ નીપજ્યા છે.





### પાંચ દર્દીઓની હાલત ગંભીર થતા આઈસીયુમાં એડમીટ કરાયા

સરકારી યોજનામાંથી રૂપિયા કમાવવા માટે આ લોકોએ અમને જાણ કર્યા વગર ઓપરેશન કરીને અમારા સ્વજનોના જીવ સાથે ચેડા કર્યા છે.કડીમાં ફ્રી કેમ્પ હોસ્પિટલ કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાંથી ૧૯ દર્દીને ખ્યાતિ હોસ્પિટલમાં સારવાર માટે બોલાવાયા હતા. અહીં તમામ દર્દીઓની તેમને પૂછ્યા વિના જ એન્જિયોપ્લાસ્ટી કરીને સ્ટેન્ટ મૂકી દેવાયા હતા. ૫ દર્દી હાલ ICUમાં દાખલ છે. આ તમામ ઓપરેશન ડો. પ્રશાંત વઝીરાણીએ કર્યા હતા.

**સેવાના નામે ગોરખ ધંધાઓ ચાલી રહ્યા હોવાનો આક્ષેપો**

## સરકારની રહેમ નજર હેઠળ ગુજરાતમાં મેડિકલ માફિયા બેફામ બન્યા : ચાવડા

**માં કાર્ડની યોજના અને આયુષ્યમાન કાર્ડની યોજનામાં કરોડો રૂપિયાના કૌભાંડો થઇ રહ્યા છે**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૨ ।

કડીના બોરીસણા ગામે ખ્યાતિ હોસ્પિટલમાં સારવાર માટે દર્દીઓ દાખલ થયા હતા અને ત્યારબાદ જે દુઃખદ ઘટના બની તેના પર વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમીત ચાવડા દ્વારા પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, "સેવાના નામે ગોરખ ધંધાઓ ચાલી રહ્યા છે, મેડીકલ માફિયાઓ સેવાના નામે કૌભાંડો કરી રહ્યા છે તેનો દુર્ભાગ્યપૂર્ણ કિસ્સો આજે ગુજરાતમાં બન્યો છે. કડી તાલુકાના બોરીસણા ગામે ખ્યાતી હોસ્પીટલે જે મેડીકલ કેમ્પ કર્યો હતો, તેમાંથી ૧૯ લોકોને પોતાની હોસ્પીટલમાં અમદાવાદ લઈ આવવામાં આવે છે, કોઈપણ પરિવારજનને જાણ કર્યા વગર એન્જીયોગ્રાફી કરવામાં આવે છે અને સાત દર્દીઓને એન્જીયોપ્લાસ્ટીના ઓપરેશન કરવામાં આવે છે. આજે દુખની બાબત છે કે એ સાત પૈકી બે દર્દીઓના મૃત્યુ થયા છે અને પાંચ લોકો આજે આઈસીયુમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. મૃતકના પરિવારજનોને સંવેદના પાઠવીએ છીએ અને તેમની આત્માને શાંતિ માટે પ્રાર્થના કરીએ છીએ. પણ સવાલ એ છે કે ગુજરાતમાં આવું વારંવાર કેમ થાય છે?


શ્રી ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર એજ્યુકેશન કેમ્પસ સંચાલિત

કમલા અમૃત ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ, ગાંધીનગર

Approved by Govt. Of Gujarat, Gujarat Nursing Council & Affiliated to Gujarat University



KAMLA AMRUT INSTITUTE OF NURSING

પ્રવેશ પ્રક્રિયા પ્રારંભ ૨૦૨૩-૨૪

B.Sc. Nursing
૪ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ સાયન્સ પાસ
(PCB + ENGLISH)

P.B.B.Sc. Nursing
Post basic B.Sc. University
૨ વર્ષનો કોર્ષ
G.N.M. પાસ

GNM
General Nursing and Midwifery
૩ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ પાસ (કોઈપણ સ્ટ્રીમ) અને અંગ્રેજી

ઉપલબ્ધ સુવિધાઓ

- ૧૦૦ બેડની પોતાની પેરેન્ટ હોસ્પિટલ
- અનુભવી સ્ટાફ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ
- અત્યાધુનિક લેબોરેટરી અને લાયબ્રેરી
- સ્માર્ટ કલાસરૂમ
- ટ્રાન્સપોર્ટેશન માટે બસની સુવિધા
- હોસ્ટેલની સુવિધા
- એ.સી. મલટીપરપઝ ઓડિટોરીયમ
- SC/ST ની કેટેગરીના વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપની સુવિધા

9638358158, 7567020200, 9313304367

વીજળીના બિલને કરો (0)

નેશનલ પોર્ટલ રૂફટોપ સબસીડી મળવા પાત્ર

Since 2013
Navkalp SOLAR
it's time to save







ગુજરાત ની અગ્રણી રેસીડેન્શીયલ INDUSTRIAL સોલાર રૂફટોપ કંપની

Help Line
+91 93 77 51 77 52

## પાંચ બેંકો માંથી લોન મેળવી કંપનીના માલિકોએ અન્ય સહભાગી કંપનીઓને રૂપિયા ડાયવર્ટ કરી દીધા

# બેકરી પ્રોડક્ટ બનાવતી કંપનીઓએ ૧૮૦ કરોડની લોનના ચૂકવણા નહીં કરતા અમદાવાદ સહિત દેશમાં ૧૫ સ્થળોએ ઈડીના દરોડા

### ગુગલાની ગ્રુપ ઓફ કંપની અને દૂન foods પ્રાઇવેટ લિમિટેડના અમદાવાદના સપ્લાયરો ને ત્યાં પણ બરોડા દસ્તાવેજો જપ્ત

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૨ |

એરફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ના અધિકારીઓએ ઘુગલાણી ગ્રુપ ઓફ કંપની અને દૂન ફૂડસ પ્રાઈવેટ લિમિટેડના ડાયરેક્ટર્સ અને પ્રમોટર્સ ના રહેઠાણે અને અમદાવાદ સહિત દેશમાં ૧૧ થી ૧૫ સ્થળોએ દરોડા ની કાર્યવાહી હાથ ધરીને ₹૧૮૦ કરોડની લોન લેવાના કૌભાંડમાં દરોડા ની કાર્યવાહી હાથ ધરી છે. અમદાવાદમાં દુન ફૂડ્સ પ્રાઈવેટ લિમિટેડના સપ્લાયરોને ત્યાં પણ દરોડાની કામગીરી હાથ ધરી છે. દરોડા દરમિયાન ત્રણ લાખની રોકડ રકમ નવા ખોલવામાં આવેલા બેંક એકાઉન્ટ ડિજિટલ ડિવાઈસ અને મોટી માત્રામાં વાંધાજનક દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા છે .આ સમગ્ર કેસમાં ષ્ઠહૈ એ સુપર મલ્ટીકલર પ્રિન્ટર્સ પ્રાઈવેટ લિમિટેડ અને દૂન ફૂડ પ્રાઈવેટ લિમિટેડના પ્રમોટર્સ અને માલિકો સામે ૧૮૦ કરોડની બેંકમાંથી લોન લેવા બદલ તેમજ લોનના હપ્તા નહીં ચૂકવીને કનસોટીયમ બેન્કોને નુકસાન કરવા બદલ ફરિયાદ દાખલ કરી હતી. સીબીઆઈની ફરિયાદ બાદ ચંડીગઢ એરફોર્સમેન્ટ જોનલ યુનિટના અધિકારીઓએ ચંદીગઢ મોહાલી હિમાચલ પ્રદેશમાં આવેલા બાડી ખાતે પંચકુરલા અમૃતસર દિલ્હી અને અમદાવાદમાં દરોડાની કાર્યવાહી હાથ ધરી છે .ગુગલાની ગ્રુપ ઓફ કંપની પ્રાઈવેટ લિમિટેડ અને દુન ફૂડ્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ૧૨૫.૪૦ કરોડ તેમજ ૫૩.૯૫ કરોડ ની લોન બેંકો માંથી લેવામાં આવી હતી. દેશની જુદી જુદી બેંકોમાંથી લોન મેળવીને રૂપિયા અન્ય સહભાગી કંપનીઓમાં ડાયવર્ટ કરાયા હતા જેના કારણે પ ંજાબ નેશનલ બેંક કેનેરા બેન્ક જહ્વૈ આઈસીએનઆઈસીઆઈ સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા ને મોટું આર્થિક નુકસાન થયું હતું .બેંકોમાંથી લોન લેવા માટે ખોટા હિસાબી દસ્તાવેજો ની સાથે બોગસ દસ્તાવેજો બેંકોમાં રજૂ કરાયા હતા.

કંપનીના ડાયરેક્ટર સુનિલ ગુગલાણી સુમન ઘુગલાણી સોહીલ ઘુગલાણી જયપ્રકાશ લલિતકુમાર ધીમન સાહિલ અરોરા અને રજનીશકુમાર ભેગા મળીને કેટલીક બોગસ કંપનીઓ પણ ઊભી કરી હતી. એમ ફોર્સમેન્ટ ડિરેક્ટર રેટ ના અધિકારીઓએ ૧૧ થી ૧૫ સ્થળોએ દરોડાની કાર્યવાહી હાથ ધરીને બેનામી મિલકતો વસાવી હોવાના દસ્તાવેજો બોગસ કંપનીઓ અને બોગસ કંપ નીઓના ડાયરેક્ટરોના નામે બેન્કમાં ખોલાવેલા બેંક એકાઉન્ટની વિગતો મેળવીને દરોડાની કામગીરી ચાલુ રાખી છે દુન ફૂડ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા દેશભરમાં બિસ્કીટ સહિત અન્ય બેકરીની પ્રોડક્ટ સપ્લાય કરવામાં આવે છે જેમાં અમદાવાદમાં તેમના સપ્લાયરો ને ત્યાં પણ દરોડા પાડીને દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા છે. ઘુઘલાણી ગ્રુપ ઓફ કંપની પ્રાઈવેટ લિમિટેડ ના માલિકો મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટિંગ અને કોમ્પ્યુટર એસેસરીઝ નો બિઝનેસ ધરાવે છે તેવું બતાવીને બેંકો માંથી લોન લેવામાં આવી હતી.

#### ચાર સહભાગી કંપનીઓને નાણા ડાયવર્ટ કરાયા

કેટલીક બોગસ કંપનીઓ પણ ખોલવામાં આવી હતી એડીના અધિકારીઓને મોહાલીની ઓફિસમાં તપાસ કરતા એવી હકીકત જાણવા મળી કે એક જ ઓફિસમાં સિવિક લેબ લિમિટેડ. સુપર મલ્ટીકલ પ્રિન્ટર્સ .સ્નેક્સ ફૂડ પ્રાઈવેટ લિમિટેડ. મંગલ મિકેનિઝ પ્રાઈવેટ લિમિટેડ. લલિત રોજ રિસોર્ટ પ્રાઈવેટ લિમિટેડ. રેડ લીઝાડ સ્ટુડિયો પ્રાઈવેટ લિમિટેડ. ivy હેલ્થ એન્ડ લાઈફ સાયન્સ પ્રાઈવેટ લિમિટેડ અને હેલ્થ કેર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડ ઉપરાંત કોલીન સ્કેલ. પંજાબ કોમ્યુનિકેશન લિમિટેડ. જ્યુપિટર એક્વા પ્રાઈવેટ લિમિટેડ. એનિમલ કિંગડમ પેટ પ્રોડક્ટ પ્રાઈવેટ લિમિટેડ. મેચ ટેક ઓટો ઈન્ડસ્ટ્રીઝ.voovi ઈન્સ્યોરન્સ માર્કેટિંગ ફીમાજલ ફ્યુ સેટસ પ્રાઈવેટ લિમિટેડ. સ્પીડ ઈન્ફોસિસ. ડ્રેસ એડોર પ્રાઈવેટ લિમિટેડ. ઈન્ટરબીલ્ટ કોમ્યુનિકેશન.આઝાદી મીડિયા હોલ્ડિંગસ. ટ્રસ્ટ કનેક્ટ સર્વિસીસ અને ટેક ડિવાઈસ સર્વિસીસ જેવી કંપનીઓ એક જ ઓફિસમાંથી ચલાવવામાં આવતી હતી.

## ધોરણ-૧૨ સાયન્સમાં અભ્યાસ કરતી ૧૭ વર્ષીય વિદ્યાર્થિનીએ કર્યો આપઘાત

| પ્રતિનિધિ, રાજકોટ, તા.૧૨ |

રાજકોટ શહેરની એક ખાનગી શાળામાં ધોરણ-૧૨ સાયન્સમાં અભ્યાસ કરતી ૧૭ વર્ષીય વિદ્યાર્થિનીએ અયોધ્યા ચોક પાસે આવેલી પાસે નેત્રમ હોસ્પિટલવાળી શેરીમાં ઓસ્કાર રેસીડેન્સીમાં પોતાના ઘરે ગળાફાંસો ખાઈને આપઘાત કરી લેતા પરિવાર પર આભ તૂટી પ ડ્યું છે. માહી આલોકભાઈ મલકાણ નામની ૧૭ વર્ષીય વિદ્યાર્થીનીએ ધોરણ-૧૨ સાયન્સમાં નાપાસ થવાના ડરે આપઘાત કરી લીધો છે. પોલીસને એક સ્યુસાઈડ નોટ મળી આવી છે, જેમાં મૃતક વિદ્યાર્થીનીએ લખ્યું હતું, “માફ કરજો મમ્મી ડોક્ટર બનવાનું સપનું પૂરું ન કરી શકી.”મૃ તક સગીરાએ આપઘાત કરતા પહેલા અંગ્રેજીમાં એક પેજની સ્યુસાઈડ નોટ લખી હતી, જે પોલીસે કબ્જે કરી છે. સગીરાના માતાપિતા તેને ડોકટર બનાવવા ઈચ્છતા હતા, પણ સગીરા પોતે સારા માર્ક નહીં લાવી શકે તેવી ચિંતામાં હતાશામાં ધકેલાઈ ગઈ હતી અને ત્યારબાદ તેણે આ અંતિમ પગલું ભર્યું હતું.

## નારોલમાં નજીવી તકરારમાં ઘરમાં ઘૂસી તોડફોડ મામલે ૮ આરોપીની ધરપકડ

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૨ |

નારોલમાં ફટાકડા ફોડવા બાબતે મંદિરના સાધુએ તેના ચેલા સાથે મળીને પાડોશી પરિવાર પર હોકી અને લાકડીઓથી હુમલો કરી ઘરમાં તોડફોડ કરી હતી. આ અંગે નારોલ પોલીસે આઠ આરોપીની ધરપકડ કરી ફરાર ત્રણ આરોપીની શોધખોળ શરૂ કરી છે. નારોલમાં પૂજા બંગ્લોઝમાં રહેતા આકાશ ગુપ્તા જમાલપુરમાં કરિયાણાની દુકાન ધરાવી ધંધો કરે છે. ગુરુવારે રાત્રે આકાશભાઈના ઘરે મહેમાન આવ્યા હતા. જે બાદ પરિવાર મળીને ઘરની બહાર ફટાકડા ફોડી રહ્યા હતા. આ દરમ્યાન પાડોશમાં રહેતા સાધુ જગદીશ મહારાજ અને રોહિત રાજપૂત હાથમાં હોકી અને લાકડી લઈને આવ્યા અને આટલા મોડી રાત્રે ફટકડા કેમ ફોડો છો તેમ કહીને આકાશ અને તેના બહેન અને બનેવી સાથે તકરાર કરીને હોકી અને લાકડી વડે હુમલો કરી દીધો હતો.

## લીલી પરિક્રમાની શરુઆત પહેલા જ બે યાત્રાળુના હાર્ટ એટેકથી મોત

| પ્રતિનિધિ, જૂનાગઢ, તા.૧૨ |

જૂનાગઢમાં વિધિવત રીતે લીલી પરિક્રમાની શરુઆત થાય તે પ હેલા જ લાખો ભાવિકો પરિક્રમા માટે આવી પહોંચ્યા હતા. ૨ લાખથી વધુ ભાવિકો પરિક્રમા રુટ પર હોવાનો અંદાજ છે. ૫૦ હજાર જેટલા ભાવિકોએ નળપાણીની ઘોડી વટાવી છે. ગિરનાર જંગલમાં યાત્રિકોનો અવિરત પ્રવાહ જોવા મળ્યો છે.વિવિધત પરિક્રમા શરુ થાય તે પહેલા એક લાખ યાત્રિક પરિક્રમા પૂરી કરી બોરદેવી પહોંચે તેવી શક્યતા છે. આજે મધરાતે સાધુ સંતો, રાજકીય અગ્રણીઓની હાજરીમાં પ રિક્રમાનો વિધિવત આરંભ થશે. જો કે ગિરનારની લીલી પરિક્રમામાં આવેલા ૨ યાત્રાળુના હાર્ટ એટેકથી મોત થયા છે. મૃતકનું નામ પ રશોતમભાઈ જગદીશભાઈનું એટેકથી મોત થયું છે. રાજકોટના મહેશ રૂડાભાઈનું પણ એટેકથી મોત થયુ છે.લીલી પરિક્રમા માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ગિરનાર તરફ જવા વન વે રસ્તાઓ જાહેર કરવામાં આવ્યા છે. ટ્રાફિક સમસ્યા ન સર્જાય તે માટે વિશેષ ધ્યાન આપવામાં આવ્યુ છે. લીલી પરિક્રમામાં વીસ લાખ લોકોના આવવાના અંદાજને ધ્યાને લઈ એસ પી દ્વારા મોટી સંખ્યામાં પોલીસ કાફલો તૈનાત કરવામાં આવ્યો છે.શહેરના ૪૨૭ કેમેરાઓ થી સતત નજર રાખવામાં આવશે.ગિરનાર પરિક્રમા માટે કુલ ૨૪૨૭૫ ૅોલીસ કર્મી ફરજ બજાવશે.

## શિક્ષિત બેરોજગાર વિદ્યા સહાયકના ફોર્મ ભરવા લાગી લાંબી લાઈન

# ઓનલાઈન ફોર્મ ભર્યું છતાય ભાવિ શિક્ષકોને ડોક્યુમેન્ટ જમા કરવા દિવસભર ઉભા રખાયા

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૨ |



અમદાવાદ શહેરમાં ઓનલાઈન ફોર્મ ભર્યું છતાય ભાવિ શિક્ષકોને ડોક્યુમેન્ટ જમા કરવા દિવસભર ઉભા રખાયા હોવાનો કિસ્સો સામે આવ્યો છે. શિક્ષિત બેરોજગાર વિદ્યા સહાયકના ફોર્મ ભરવા લાગી લાંબી લાઈન હતી. વહેલી સવારથી મોડી સાંજ સુધી લાઈનમાં ઉભા રહેનાર અરજદારોએ તંત્ર સામે ભારે રોષ વ્યક્ત કર્યો હતો.

ગુજરાત સરકાર ભણશે ગુજરાત સ્લોગન ખરેખર આ લાંબી લાઈન પર સાબિત થાય એવુ લાગી રહ્યું છે. ગુજરાત સરકારમાં ધોરણ ૧થી ૫ અને ૬થી ૮ મા નોકરી ઈચ્છુક ઉમેદવાર આખા રાજ્યમાં ફોર્મ ભરવાની શરૂઆત થઈ ગઈ છે. તેમાં ઓનલાઈન ફોર્મ સબમિટ કર્યા બાદ જે ફોર્મ મા ડોક્યુમેન્ટ સબમિટ કર્યા હોય તે શૈક્ષણિક ડોક્યુમેન્ટ જે તે સેન્ટરમાં જમાં કરાવા પડતા હોય છે. આવા ડોક્યુમેન્ટ જમા કરાવા શિક્ષિત બેરોજગારો વહેલી સવારથી પોતાના ડોક્યુમેન્ટ જમા કરાવતા હોય છે. ગુજરાત સરકારના ભાવી શિક્ષકો પ ોતાનાં કામ ધંધો મુકીને પોતે શિક્ષક બનશે એવી આશા સાથે ફોર્મ ભરવા વહેલી સવારથી લાંબી લાઈનમાં ઊભા રહેલા નજરે ચડે છે.

## વસ્ત્રાપુર લેક પર આંટો મારવા લઇ ગયેલા ઘોડાવાળાએ બાળકી સાથે અડપલાં કર્યા

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૨ |

ફરી એક વખત શહેરમાં ગેમઝોન સહિતની જગ્યાઓ શરૂ થઈ જતા રોડ પરના ફેરિયાઓ પણ સક્રિય થયા છે. ત્યારે દિવાળી વેકેશનમાં આવા ફેરિયાઓ પાસે જનાર વાલીઓ માટે ચેતવણીરૂપ કિસ્સો સામે આવ્યો છે. શહેરમાં રહેતી એક મહિલા તેની સાડા ચાર વર્ષની બાળકીને લઈને વસ્ત્રાપુર લેક ગઇ હતી. જ્યાં બાળકીએ ઘોડા પર આંટો મારવાનું કહેતા તેની માતાએ એક ઘોડાવાળાને રોક્યો હતો. આ ઘોડાવાળાએ આંટો મરાવતી વખતે બાળકીના ગુપ્ત ભાગોએ અડપલાં કર્યા હતા. આ મામલે બાળકીની માતાએ પોલીસને જાણ કરતા પ ોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. વેજલપુરમાં રહેતી ૩૫ વર્ષીય મહિલા વિઝા કન્સલ્ટન્સીની કંપનીમાં નોકરી કરે છે. દિવાળી વેકેશન હોવાથી આ મહિલા સાડા ચાર વર્ષની પુત્રીને લઈને પિયરમાં ગઈ હતી. તેવામાં ગત તા.૯મીએ મહિલા તેની પુત્રી તથા બહેન સાથે વસ્ત્રાપુર તળાવ ખાતે ફરવા ગયા હતા.

## વીરપુરમાં છૂટાછેડા લીધાના ૨૦ દિવસ બાદ મહિલાની પતિએ કરી હત્યા

| પ્રતિનિધિ, રાજકોટ, તા.૧૨ |

રાજકોટ જિલ્લાના વીરપુરમાં મહિલાની હત્યા કરનાર તેનો પૂર્વ પતિ પોલીસ સામે હાજર થતા પ ોલીસે તેને જેલ હવાલે કરી દીધો છે. છૂટાછેડા લીધાના ૨૦ દિવસ બાદ જ બે પુત્રી સાથે રહેતી આ મહિલાની તેના પૂર્વ પતિએ છરીના ઘા ઝીંકી હત્યા કરી નાખી હતી. મૃ તક અલ્પાબેન ઉર્ફે ક્રિષ્નાબેન નામની મહિલાના લગ્ન ૧૭ વર્ષ પહેલા વીરપુરના કાનજીભાઈ રાઘવભાઈ ગોહેલ સાથે થયા હતા અને તેમને સંતાનમા એક દીકરો ગૌતમ અને બે દીકરી ધ્રુવી અને નેન્સી છે. અલ્પ ાબેનને તેના પતિ સાથે અવારનવાર ઝઘડા થતા હતા જેથી ઘરકંકાસથી કંટાળીને ૨૦ દિવસ પહેલા જ પ તિ કાનજીથી છૂટાછેડા લઈને અલગ રહેવા જતા રહ્યાં હતા. છૂટાછેડા લીધા બાદ અલ્પાબેન અન્ય યુવક સાથે મૈત્રી કરાર કરી અલગ મકાનમાં ભાડે રહેતા હતા.



## ૨૧ થી વધુ એફઆઇઆર પણ દાખલ થઇ જોકે તેનું કોઇ નક્કર પરિણામ આવ્યું નથી

# આતંકવાદી સંગઠનોએ એક મહિનામાં ૫૦૦થી વધુ ફોન કોલ્સ અને ઈમેલ કરી ફ્લાઇટને બોમથી ઉડાવાની ધમકીઓ આપી

**માત્ર ૧૬ જ દિવસમાં ૪૦ થી વધારે ધમકી ભર્યા ફોન આવતા ની સાથે હવે પેસેન્જરો પણ ગભરાઈ ગયા**

। ક્રાઈમ રિપોર્ટર, અમદાવાદ, તા.૧૨ ।

હાલ દેશભરમાં દિવાળીના તહેવારને લઈને ભારે ઉત્સાહ અને ઉમંગ લોકોમાં દેખાઈ રહ્યો છે ત્યારે માત્ર ઓક્ટોબર મહિનામાં જ ૫૦૦ થી વધારે ધમકી ભર્યા ફોન કોલ્સ અને ઈમેલ દેશના જુદા જુદા એરપોર્ટને મળતા ખળભળાટ મચી ગયો છે માત્ર ૧૬ જ દિવસમાં ૪૦ થી વધારે ધમકી ભર્યા ફોન આવતા ની સાથે હવે પેસેન્જરો પણ ગભરાઈ ગયા છે ખાસ કરીને એર ઈન્ડિયા ને ટાર્ગેટ કરીને ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ફલાયટોને બોમથી ઉડાવી દેવાની ૩૬ જેટલા ધમકી ભર્યા ફોન ઈમેલ અને સોશિયલ મીડિયા મારફત ધમકાવવામાં આવ્યા છે ત્યારબાદ indigo ને ૩૫ અને વિસ્તારા એરલાઈન્સ ને પણ ૩૨ જેટલી ધમકીઓ મળી છે ધમકી ભર્યા ફોન કોલ આવતા ની સાથે મુંબઈ દિલ્હી છત્તીસગઢ માંથી કુલ પાંચ શખ્સોની ધરપકડ કરાઈ છે અને અત્યાર સુધીમાં ૨૧ થી વધુ એફઆઈઆર પણ દાખલ થઈ છે જોકે તેનું કોઈ નક્કર પરિણામ આવ્યું નથી ફ્લાઈટને બોમ્બ થી ઉડાવી દેવાના પગલે નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી દ્વારા બોમ્બ રેટ્સ એસેસમેન્ટ કમિટી બનાવવામાં આવી છે જેમાં સોફેસ્ટિકેટેડ વેપન સાથે ખાસ તાલીમ પામેલા કમાન્ડો દેશના મહત્વના એરપોર્ટ પર તેના કરવામાં આવ્યા છે અને એનઆઈએની સાઈબર સેલ પણ ધમકી ભર્યા ફોન કોલ્સ અને ઈમેલ ની તપાસ કરવા માટે એફબીઆઈ સાથે પણ સંકલન કરી રહી છે.. પ્રાથમિક તપાસમાં ખાલીસ્તાની ગ્રુપની શંકા વ્યક્ત કરવામાં આવી છે અને શીખ પર જસ્ટીસ ના ચીફ ગુરૂવનસિંહ પન્ના હાલ વોન્ટેડ છે અને તેણે ૫હેલી નવેમ્બર થી ૧૯ નવેમ્બર સુધીમાં એર ઈન્ડિયા ની ફલાઈટને બોમથી ઉડાવી દેવાની ધમકી પણ આપી છે જેના પગલે પેસેન્જરમાં ફફડાટ પણ ફેલાઈ ગયો છે. પેસેન્જર સેફટી અને દેશની સુરક્ષા ને ધ્યાનમાં લઈને સાયબર સેલ કેટલાક વિદેશી ફોન કોલ પ્રેસ કરી રહ્યું છે હાલ ગુજરાતમાં ખાસ કરીને અમદાવાદ એરપોર્ટ પહેલેથી જ આતંકવાદીઓના ટાર્ગેટમાં રહ્યું છે તેમ છતાં અમદાવાદ એરપોર્ટ અમદાવાદના રેલ્વે સ્ટેશન શોપિંગ મોલ એસટી બસ સ્ટેન્ડ એએમટીએસના બસ સ્ટેન્ડ અને જાહેર સ્થળો ઉપર પોલીસની કોઈ મુવમેન્ટ દેખાતી નથી દિવાળીના તહેવારોમાં ઉઘરાણા કરવામાં વ્યસ્ત બનેલી પોલીસ જાહેર સ્થળે ક્યાંય દેખાતી નથી. પ્રજાની સલામતી ની જવાબદારી પ્રજા ઉપર ઢોળી દઈને પોલીસ ઉઘરાણા કરવામાં વ્યસ્ત બની ગઈ છે.



એનઆઈએની સાઇબર ટીમ અને તાલીમ પામેલા કમાન્ડો મહત્વના એરપોર્ટ પર તેના કરાયા વિદેશથી આવતા કોલ માટે એફબીઆઈ સાથે સંકલન શરૂ કર્યુ

## રત્ન કલાકારો બેકારીના ખપ્પરમાં ધકેલાઇ રહ્યા છે

# અમરેલી જિલ્લાના હીરા ઉદ્યોગને મંદીનુ ગ્રહણ, હીરાના કારીગરો બેરોજગાર થવાના આરે !!

। પ્રતિનિધિ, અમરેલી, તા.૧૨ ।

દર દિવાળી વેકેશન બાદ લાભ પાંચમે હીરા ઉદ્યોગ ધમધમતો થાય છે, પરંતુ આ વર્ષે હીરા ઉદ્યોગના મોટાભાગના કારખાનાઓમાં હજુ પણ તાળા લાગેલા જોવા મળે છે, અમરેલી જિલ્લામાં પહેલા ૧૨૦૦ જેટલા હીરાના કારખાનાઓ હતા. જેમાંથી હાલ ૯૦૦ આસપાસના હીરાના કારખાનાઓ અને ૫૦,૦૦૦ જેટલા રત્ન કલાકારો રોજીરોટી માટે હીરા ઘસતા હોય છે. પણ હાલ હીરામાં મંદી એ તો બેરોજગારી લાવી દીધી છે. જેના પરિણામે રત્ન કલાકારો બેકારીના ખપ્પરમાં ધકેલાઈ રહ્યા છે. આમ, હીરા ઘસતા રત્ન કલાકાર અન્ય વ્યવસાય માટે રોજી રોટી મળે તેવા આશયથી કામે લાગ્યા છે.

અમરેલીના ભરત વાઢેર એ પણ રત્ન કલાકાર છે. ભરતભાઈ બન્ને પગે દિવ્યાંગ છે. દિવાળી બાદ હીરાનું વેકેશન લંબાયું હોવાથી ના છૂટકે રત્ન કલાકાર ભરત વાઢેરને સરકારી યોજનાઓના ફોર્મ ભરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવવાનો વારો આવ્યો છે. તમને જણાવી દઈએ કે, સામન્ય રીતે હીરા ઉદ્યોગ લાભ પાંચમથી શરૂ થાય છે, પરંતુ આ વર્ષે લાભ પાંચમ ગયા બાદ પણ હીરાના કારખાનાઓ બંધ હાલતમાં દેખાઈ રહ્યા છે. અમરેલી જિલ્લામાં ખેતી બાદ સૌથી વધુ કોઈ ઉદ્યોગમાં અહીંયા લોકો કામ કરતાં હોય તે હીરા ઉદ્યોગ છે.

## અમરેલીમાં મંદિરમાંથી ૫૦ હજાર રૂપિયાથી ભરેલી આખી પેટી જ ચોરો ઉઠાવી ગયા

। પ્રતિનિધિ, અમરેલી, તા.૧૨ ।

રૂપિયાનો જથ્થો જ્યાં હોય તેને નિશાન બનાવતી ગેંગ મંદિરોને નિશાના પર લેતી હોય છે. આવામાં અમરેલીના રાજુલામાં આવેલા એક ગામમાં મંદિરમાં ચોરી થયાની ઘટના બની છે. આ બનાવમાં તસ્કોર મંદિરમાં મૂકેલી દાનપેટીમાંથી ચોરી કરવાના બદલે આખે આખી દાનપેટી જ ઉઠાવીને જતા દેખાઈ રહ્યા છે. મંદિરમાં લાગેલા કેમેરામાં તસ્કરોની આખી કરતૂત કેદ થઈ ગઈ છે. બુકાની સાથે આવેલા તસ્કોર દાનપેટી ચોરીને મંદિરમાંથી જતા દેખાઈ રહ્યા છે. આ બનાવ અંગે પોલીસ ફરિયાદ કરવામાં આવી છે જેમાં દાનપેટીમાં રહેલા ૫૦ હજાર ચોરાયા હોવાનું જણાવવામાં આવ્યું છે.રાજુલાના યોત્રા ગામ પાસે આવેલા મંદિરમાં તસ્કરો ત્રાટક્યા છે, મોમાઈ માતાના મંદિરની દાનપેટી તસ્કરો ઉઠાવી ગયા છે. આ આખી ઘટના મંદિરમાં લાગેલા કેમેરામાં કેદ થઈ ગઈ છે. રૂપિયા ભરેલી દાનપેટીની ચોરી કરી હતી.






## તંત્રી લેખ...

# સરકારના અધિકારોને નિયંત્રિત કરતો સુપ્રીમ કોર્ટનો ચુકાદો

સમય સાથે બદલાવું એ સમયની માંગ છે, તો એ જ પ્રગતિનો આધાર પણ છે. કોઈ પણ વિચાર કે રીતિ-નીતિ, દેશ-કાળ અને પરિસ્થિતિને અનુરૂપ અપનાવવાનાં રહે. હાલમાં આવેલ સુપ્રીમના ત્રણે ચુકાદાઓ ભૂતકાળને જ નહીં, ભવિષ્યને પણ લક્ષ્ય કરે છે. બંધારણને આગળ કરીને કોઈ પણ સરકાર જનહિતને નામે ખાનગી મિલકત પોતાના કબજામાં લઈ શકે કે કેમ એ અંગે અગાઉના ચુકાદામાં સરકાર કોઇ પણ ખાનગી સંપત્તિને જનહિતને નામે કબજે લઈ શકે, એવું હતું, પણ એ ચુકાદો મુખ્ય ન્યાયમૂર્તિની વડપણ હેઠળની બેન્ચે પલટાવ્યો છે. આ ચુકાદો ઐતિહાસિક છે અને સમાજવાદી વિચારને તેણે આયનો પણ બતાવ્યો છે. સુપ્રીમનો આ ચુકાદો સમાજવાદી અને વામપંથી વિચારકોને આંચકો આપનારો પણ છે, જે એમ માને છે કે ગરીબી અને અસમાનતા ત્યારે જ દૂર થઈ શકે જો સરકાર સંપત્તિનું વિતરણ કરવામાં સક્ષમ હોય અને એને એ અધિકાર હોય કે તે કોઈની પણ સંપત્તિ કબજે લઈ શકે છે. પોતાના ચુકાદાથી સુપ્રીમે એ પણ સ્પષ્ટ કરી દીધું છે કે ભારતીય શાસન વ્યવસ્થામાં સમાજવાદી રીત-રસમો અપનવવાનું જે કામ થયું તે નિરર્થક હતું. દુનિયાનો અનુભવ તો એ જ કહે છે કે જે દેશોએ લોકોની ભલાઈ માટે આત્યંતિક સમાજવાદી વિચારસરણી અપનાવી તેમને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવાનો આવ્યો. એ ખરું કે સરકારો કેટલાક કિસ્સાઓમાં ખાનગી સંપત્તિઓ માટે દાવો કરી શકે, પણ દરેક ખાનગી સંપત્તિ માટે દાવો કરીને સરકાર તે સંપત્તિ આંચકી શકે નહીં એવું સુપ્રીમના આ નવા ચુકાદામાં છે.સુપ્રીમના ૯ ન્યાયમૂર્તિઓની પીઠે ૭ વિરુદ્ધ ૨ની બહુમતીથી ચુકાદો આપ્યો છે. મુખ્ય ન્યાયમૂર્તિ ચંદ્રચૂડે એ જણાવ્યું કે બહુમતીએ ૧૯૭૮ના જસ્ટિસ કૃષ્ણા ઐયરના ચુકાદાને રદ ઠેરવ્યો છે, જેમાં જણાવાયું હતું કે જનહિત માટે સરકાર કોઇ પણ ખાનગી સંપત્તિ પોતાના કબજામાં લઈ શકે છે એ ચુકાદામાં તુટિ હતી. એ ચુકાદો ખાનગી મિલકત પર સરકારનાં નિયંત્રણની તરફેણ કરતો હતો. એ ખરું કે જૂનું શાસન આર્થિક અને સમાજવાદી વિચારધારાથી પ્રેરિત હતું, પણ છેલ્લા ત્રણેક દાયકામાં ગતિશીલ આર્થિક નીતિથી ભારત ઝડપી અર્થવ્યવસ્થા બન્યું છે. આ ચુકાદા પછી સરકાર રિવ્યૂમાં જાય તો તેણે નવી પીઠનો સામનો કરવાનો થશે, કારણ મુખ્ય ન્યાયમૂર્તિ ચંદ્રચૂડ હવે નિવૃત્ત થયા છે. આ ચુકાદાના કેટલાંક પાસાંઓ માટે જે ખાસ ચર્ચા થઈ રહી છે તેમાં મુખ્ય બાબત એ છે કે આ ચુકાદો સરકારના અધિકારોને નિયંત્રિત કરે છે.



## વાંચન વિશેષ

લેખક : ફાલ્ગુની વસાવડા

**ટ્રમ્પના રાષ્ટ્રપતિકાળમાં ઇલોન મસ્કને પોતાની કંપની સ્પેસએક્સ મારફત પણ લાભ થઈ શકે છે.**

**દુનિયાનાં સૌથી ધનાઢ્ય ઉદ્યોગપતિ ઇલોન મસ્ક ચૂંટણીની રાત્રે ફ્લોરિડામાં ટ્રમ્પના માર-એ-લાગો રિસોર્ટમાં ટ્રમ્પની સાથે હતાં, અને એ તેમના સૌથી મોટાં ટેકેદાર છે. ઇલોન મસ્ક એક રાજકારણથી દૂર એવી સાફ સુથરી છબી ધરાવતા ઉદ્યોગપતિ છે**

# શું અમેરિકાનાં નવાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ યુદ્ધ બંધ કરવા કે વૈશ્વિક શાંતિ માટે વિચારશે?

**અમેરિકા સ્પેસએક્સ મારફતે અંતરિક્ષમાં જાસુસી ઉપગ્રહ મોકલીને અંતરિક્ષનું સતત નિરીક્ષણ કરશે એવું ડોનાલ્ડ ટ્રમ્પે પણ પોતાના નિવેદનમાં જણાવ્યું હતું.**

ગયા અઠવાડિયે ભારત સહિત સમગ્ર વિશ્વમાં સૌને મોઢે એક જ ચર્ચા હતી કે અમેરિકાનાં નવાં રાષ્ટ્રપતિ કોણ બનશે? અને સૌની આતુરતાનો અંત આવી ગયો. આઠ વર્ષ બાદ ફરી ડોનાલ્ડ ટ્રમ્પ આ ચૂંટણી જીતી ગયા. ગયાં વખતે જો બાયડને તેમને હરાવ્યા હતા પરંતુ આ વખતે એમણે ઉપરાષ્ટ્રપતિ કમલાહેરીશ ને હરાવીને નવો ઈતિહાસ રચી દીધો. અમેરિકામાં ૫૩૮ ઈલેક્ટોરલ કૉલેજ વોટ છે, બહુમત માટે ૨૭૦ વોટની જરૂર હોય છે, ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાની રાષ્ટ્રપતિની ચૂંટણી જીતી ગયા છે. તેમને ૨૭૯ ઈલેક્ટોરલ મત મળ્યાં છે. જ્યારે કમલા હૅરિસ ૨૨૩ ઈલેક્ટોરલ વોટ મળ્યા છે. આમ ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના ૪૭માં રાષ્ટ્રપતિ બનવા જઈ રહ્યા છે. મોદીજીનાં એ મિત્ર છે અને એમણે તેમને અભિનંદન તેમજ શુભેચ્છા પાઠવી છે. ભારત પ્રત્યે એમને માન છે એવું એમણે કહ્યું છે.



દુનિયાનાં સૌથી ધનાઢ્ય ઉદ્યોગપતિ ઈલોન મસ્ક ચૂંટણીની રાત્રે ફ્લોરિડામાં ટ્રમ્પના માર-એ-લાગો રિસોર્ટમાં ટ્રમ્પની સાથે હતાં, અને એ તેમના સૌથી મોટાં ટેકેદાર છે. ઈલોન મસ્ક એક રાજકારણથી દૂર એવી સાફ સુથરી છબી ધરાવતા ઉદ્યોગપતિ છે, પરંતુ ડોનાલ્ડ ટ્રમ્પની હત્યાના પ્રયાસ પછી, એમણે એમની પાર્ટી રિપબ્લિકનને જાહેરમાં સપોર્ટ આપ્યો! એટલું જ નહીં ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપતિ બને એ માટે

તેમણે ટ્રમ્પને ફરીથી ચૂંટવાના હેતુથી સુપર પીએસીમાં ૧૧.૯ કરોડ ડૉલર એટલે ૧૦.૦૩ અબજ રૂપિયા કરતાં વધુ રકમ દાનમાં આપી હતી. આ ઉપરાંત મહત્ત્વનાં રાજ્યોમાં લોકોને મતદાન કરવા માટે બહાર આવવા પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે આ રાજ્યોમાં મતદારોને રોજના ૧૦ લાખ ડૉલર આપવાની જાહેરાત કરી હતી, જેનો વિરોધ થયો હતો અને લોકો કોર્ટમાં પણ ગયા હતાં, પણ સુપ્રીમ કોર્ટમાં ઈલોન મસ્કની તરફેણમાં ચુકાદો આપ્યો. મસ્કની આ વ્યૂહરચનાએ વિશ્લેષકોને તેમના હેતુઓ વિશે વિચારતા કરી દીધા છે. ટ્રમ્પ ફરીથી ચૂંટાયા તેના કારણે મસ્કને ઘણો લાભ મળવાનો છે. નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પએ કહ્યું છે કે તેઓ બીજી ટર્મમાં ઈલોન મસ્કને પોતાનાં વટીવટીતંત્રમાં આમંત્રિત કરશે જેથી કરીને સરકારી વેડફાટ અટકાવી શકાય. મસ્કે આ સંભવિત પ્રયાસોને "ડિપાર્ટમેન્ટ ઑફ ગવર્નમેન્ટ ઍફિશિયન્સી" અથવા DOGE નામ આપ્યું છે. મસ્કે લોકપ્રિય બનાવેલી ક્રિપ્ટો કરન્સીનું પણ આ જ નામ છે. ટ્રમ્પના રાષ્ટ્રપતિકાળમાં ઈલોન મસ્કને પોતાની કંપની સ્પેસએક્સ મારફત પણ લાભ થઈ શકે છે. સ્પેસએક્સ સરકારી સેટેલાઈટને અંતરિક્ષમાં મોકલવાના બિઝનેસમાં પહેલેથી અગ્રણી સ્થાન ધરાવે છે. અમેરિકા સ્પેસએક્સ મારફતે અંતરિક્ષમાં જાસુસી ઉપગ્રહ મોકલીને અંતરિક્ષનું સતત નિરીક્ષણ કરશે એવું ડોનાલ્ડ ટ્રમ્પે પણ પોતાના નિવેદનમાં જણાવ્યું હતું.

વિશ્વના નેતાઓમા ડોનાલ્ડ ટ્રમ્પની સંપત્તિ સૌથી વધુ માનવામાં આવે છે, અને અંદાજે ૬.૬ અબજ ડોલર થી ૭.૭ અબજ ડોલર હોવાનું જાણવા મળ્યું છે. તેઓ કેટલીય પ્રકારના બીઝનેસ કરે છે, અને એમાં રિયલ એસ્ટેટનો બીઝનેસ મુખ્ય છે, તે એક સફળ બીઝનેસ મેન છે. ડોનાલ્ડ ટ્રમ્પના દાદાનું નામ ફ્રેડરિક ટ્રમ્પ અને દાદીનું નામ એલિઝાબેથ ક્રિસ્ટ ટ્રમ્પ હતું. ફ્રેડરિકનો જન્મ જર્મનીમાં થયો હતો, અને તેમણે ન્યૂયોર્કમાં ટ્રમ્પ પરિવારના રિયલ એસ્ટેટ બિઝનેસની સ્થાપના કરી હતી. ડોનાલ્ડ ટ્રમ્પનાં ત્રણ લગ્ન થયાં છે, એમની પ્રથમ પત્ની ઈવાનાનું ડેથ પણ થઈ ગયું છે, એમને ત્રણેય લગ્નથી પાંચ સંતાનો છે. ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાની પ્રજાને પોતાના નિવેદનમાં જણાવ્યું છે કે અમેરીકી અર્થતંત્રને વધુ શક્તિશાળી બનાવવા વ્યુહાત્મક એજન્ડા પર કાર્યવાહી કરીશું. ડોનાલ્ડ ટ્રમ્પની સરકાર આવવાથી ભારતે રાજી થવું જોઈએ કે નહીં? એ પ્રશ્ન પણ વિચારવા જેવો ખરો! મોદી અને ટ્રમ્પ સારા મિત્રો છે એની ના નહીં, પણ ટ્રમ્પનો ભરોસો કરવા જેવો નથી. આજસુધી એણે લીધેલા નિર્ણયમાં બિઝનેસમાં ડ્યૂટીની વાત હોય કે ઈમિગ્રન્ટ્સને નોકરી આપવાની વાત હોય, એચ વન વીઝાની વાત હોય, ટ્રમ્પ હંમેશાં ભારતવિરોધી રહ્યા છે.

## થોડું હટકે...

# 'શક્તિમાન' ફરી ધૂમ મચાવશે

૯૦ના દાયકામાં ધૂમ મચાવીને, 'શક્તિમાન' સુપરહીરોમાંથી દરેકના સુપર શિક્ષક બની ગયા. બાળકોથી લઈને મોટાઓ સુધી બધાને મુકેશ ખન્નાનું પાત્ર એટલું પસંદ આવે છે કે આજે પણ લોકો તેમની સીરિયલ વિશે વાત કરતા રહે છે. ૧૯૯૭ થી ૨૦૦૫ સુધી ટીવી પર રાજ કરનાર આ શાનદાર શો રવિવારે બપોરે ૧૨ વાગ્યે પ્રસારિત થતો હતો. આ કારણોસર તેને દૂરદર્શનનો સૌથી કલ્ટ શો માનવામાં આવે છે. હવે ફરી એકવાર 'શક્તિમાન' લોકોમાં ચર્ચામાં આવી ગયું છે. દેશના પ્રિય સુપરહીરો મુકેશ ખન્ના આ પ્રખ્યાત શો સાથે પુનરાગમન કરવા માટે તૈયાર છે.મુકેશ ખન્નાએ પોતાના સોશિયલ મીડિયા પર ફેન્સને એક ખુશખબર આપી છે અને તેની ઓફિશિયલ યુટ્યુબ ચેનલ ભીષ્મા ઈન્ટરનેશનલ પર એક ટીઝર પણ શેર કર્યું છે. ટીઝરની સાથે તેણે લખ્યું, 'તેના વાપસીનો સમય આવી ગયો છે. આપણા પ્રથમ ભારતીય સુપર શિક્ષક-સુપર હીરો. હા! જેમ જેમ અંધકાર અને અનિષ્ટ આજના બાળકોને કબજે કરે છે... તેમના પાછા ફરવાનો સમય આવી ગયો છે. તે સંદેશ લઈને પાછો ફર્યો છે. તે પાઠ લઈને પાછો ફર્યો છે. આજની પેઢી માટે. તેમનું સ્વાગત કરો. બંને હાથે હવે ટીઝર જુઓ.આયર્ન મેન, સ્પાઈડર મેન અને બેટમેન જેવા સુપરહીરો ભારતમાં લોકપ્રિય થયા તે પહેલા એક એવો સુપરહીરો હતો જેને ક્યારેય ભૂલી ન શકાય અને તેનું નામ શક્તિમાન છે. આ હીરો ફરી એકવાર સ્ક્રીન પર રોમાંચક કમબેક કરવા માટે તૈયાર છે. ક્લિપમાં મુકેશને શક્તિમાન તરીકે દર્શાવવામાં આવ્યો છે. તે એક શાળાના કેમ્પસમાં ઉતરતો જોવા મળે છે જ્યાં તે ગાવાનું શરૂ કરે છે, 'આઝાદી કે દિવાન ને જંગ લડી ફિર જાને દી, આંગ આંગ કટ ગયે મગર આંચ વતન પર ના આને દી...' તે ચંદ્રશેખર આઝાદ, ભગત સિંહ અને સદસ્ય છે. સુભાષ ચંદ્ર બોઝ જેવા હીરોની તસવીરો જોતી વખતે આ ગીત ગાય છે.'શક્તિમાન' એક ટીવી શ્રેણી હતી જે ૧૯૯૭માં દૂરદર્શન પર પ્રસારિત થઈ હતી. મુકેશ ખન્ના દ્વારા સંચાલિત, આ શોમાં કીટુ ગિડવાણી, વૈષ્ણવી, સુરેન્દ્ર પાલ અને ટોમ અલ્ટર જેવા કલાકારો હતા. તે ૯૦ ના દાયકાનો સૌથી લોકપ્રિય શો હતો અને લગભગ આઠ વર્ષમાં ૪૫૦ એપિસોડ પ્રસારિત કરવામાં આવ્યો હતો. શક્તિમાનનું પાત્ર રહસ્યમય અને અલૌકિક શક્તિઓ ધરાવતું એક અલૌકિક છે જેને સંતોના રહસ્યમય સંપ્રદાય દ્વારા વિશ્વમાં અનિષ્ટ સામે લડવાનું કામ સોંપવામાં આવ્યું છે.



## આજકાલ

લેખક : દીપક જગતાપ

**૧૦ લાખ કરતા વધારે પ્રજાતિઓ પૃથ્વી પરથી લુપ્ત થઇ જવાનો ખતરો તોળાઇ રહ્યો છે**

**૪ ઓક્ટોબરનો દિવસ નક્કી કરવા માટે એક પ્રસ્તાવ પસાર કર્યો અને મંજૂર કર્યો. યૂનાઇટેડ નેશન્સે 'પશુ કલ્યાણ પર એક સાર્વભૌમ ઘોષણા'ના નિયમ તેમજ નિર્દેશો હેઠળ અનેક અભિયાન ચલાવવાની શરૂઆત કરી**

# આજે માનવીએ નિર્દોષ, વફાદાર અને ઉપયોગી પ્રાણીઓને ગુલામ બનાવીને એનો માત્ર ઉપયોગ જ કર્યો છે!

**હવે સમય આવી ગયો છે કે વન્ય જીવોની સુરક્ષા મજબુત ઇચ્છાશક્તિ સાથે કરવામાં આવે, જો આ દિશામાં ગંભીર પ્રયાસ કરવામાં નહીં આવે તો આવનાર સમયમાં વધારે પ્રજાતિઓ લુપ્ત થવાની દિશામાં આગળ વધી જશે**

આજના દિવસે દર વર્ષે આપણે મુંગા અને નિર્દોષ પ્રાણીઓ ની ચિંતા ઓછી કરતા જઈ રહ્યા છીએ. આજે પૃથ્વી પરના પ્રાણીઓની સ્થિતિ દયનિય બની રહી છે.અમેરિકાની હવાઇ સંસ્થાના જણાવ્યા મુજબ મુજબ પૃથ્વી પર પ્રાણીઓની ૮૭ લાખ કરતા વધારે પ્રજાતિઓ રહેલી છે. જો કે ઓળખ ૧૩ લાખ પ્રજાતિઓની થઇ શકી છે. ચિંતાની બાબત એ છે કે તેમાંથી ૧૦ લાખ કરતા વધારે પ્રજાતિઓ પર હાલમાં લુપ્ત થઈ જવાનો ખતરો તોળાઇ રહ્યો છે. જે પર્યાવરણમાં થઇ રહેલા ફેરફારોનો સંકેત આપે છે. હવે સમય આવી ગયો છે કે વન્ય જીવોની સુરક્ષા મજબુત ઇચ્છાશક્તિ સાથે કરવામાં આવે. જો આ દિશામાં ગંભીર પ્રયાસ કરવામાં નહીં આવે તો આવનાર સમયમાં વધારે પ્રજાતિઓ લુપ્ત થવાની દિશામાં આગળ વધી જશે. આજે આવી ઉજવણી માત્ર ઔપચારિકતા સમાન જ સમગ્ર દુનિયામાં રહી ગઇ છે. કારણ કે આંકડા પર નજર કરવામાં આવે તો પર્યાવરણના સંતુલનને જાળવી



રાખવા માટે મજબુત ઇચ્છાશક્તિ અને મજબુત મનોબળ સાથે કોઇ પ્રયાસો થઇ રહ્યા નથી.

આજે છેલ્લા પાંચ દશકના ગાળામાં વન્ય જીવોની ૬૦ ટકા વસ્તી ઘટી ગઇ છે. ૨૦ ટકા વન્ય વિસ્તારો ઓછા થઇ ગયા છે. વર્લ્ડ વાઇલ્ડ લાઇફ ડે એટલે કે વન્ય જીવન સુરક્ષા અને સંરક્ષણ દિવસની સમગ્ર વિશ્વમાં ઉવજણી કરવામાં આવે છે. આ દિવસે જુદા જુદા કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવે છે. ખાસ સંદેશાઓ પણ ફેલાવવામાં આવે છે. જો કે આ એક દિવસ સુધી પ્રક્રિયા રહે છે. આ જ કારણ છે કે આજે પર્યાવરણને ભારે નુકસાન થઇ રહ્યુ છે. વન્ય જીવ ખુબ ઉપયોગી ભૂમિકા અદા કરે છે. આજે વિશ્વ પશુ દિવસ એટલે કે વર્લ્ડ એનિમલ ડે છે.

દર વર્ષે ૩ઑક્ટોબરના દિવસે વિશ્વ પ્રાણી દિવસ મનાવવામાં આવે છે. આ દિવસે પશુઓના અધિકારો અને તેના કલ્યાણ વગેરે સંબંધિત જુદા-જુદા કારણોની સમીક્ષા કરવામાં આવે છે. પ્રાણીઓના મહાન આશ્રયદાતા આસીસીના સંત ફ્રાન્સિસનો જન્મદિવસ પણ ૪ ઑક્ટોબરે મનાવવામાં આવે છે. તેઓ પ્રાણીઓના મહાન સંરક્ષક હતા. આંતરરાષ્ટ્રીય પશુ દિવસના અવસરે જનતાને ચર્ચામાં સામેલ કરવી અને પશુઓ પ્રત્યે ક્રૂરતા, પશુ અધિકારોનું ઉલ્લંઘન વગેરે જેવા વિવિધ મુદ્દાઓ પર જાગરૂકતા ફેલાવવાનો ઉદ્દેશ્ય છે. વિશ્વભરમાં પશુ કલ્યાણના ધોરણોમાં સુધારો લાવવાના હેતુ સાથે મનાવવામાં આવે છે.

પ્રથમવાર વિશ્વ પશુ દિવસનું આયોજન હેનરિક જિમરમને ૨૪ માર્ચ, ૧૯૨૫ના રોજ જર્મનીના બર્લિનમાં આવેલા સ્પોર્ટ્સ પેલેસમાં કર્યું હતું. પરંતુ વર્ષ ૧૯૨૯થી આ દિવસ ૪ ઑક્ટોબરના રોજ મનાવવામાં આવ્યો. શરૂઆતમાં આ આંદોલનને જર્મનીમાં શરૂ કરવામાં આવ્યું અને ધીમે-ધીમે તે સમગ્ર વિશ્વમાં ફેલાવા લાગ્યું. વર્ષ ૧૯૩૧માં ફ્લોરેન્સ, ઈટલીમાં આયોજિત આંતરરાષ્ટ્રીય પશુ સંરક્ષણ સંમેલને આંતરરાષ્ટ્રીય પશુ દિવસ તરીકે ૪ ઑક્ટોબરનો દિવસ નક્કી કરવા માટે એક પ્રસ્તાવ પસાર કર્યો અને મંજૂર કર્યો. યૂનાઈટેડ નેશન્સે 'પશુ કલ્યાણ પર એક સાર્વભૌમ ઘોષણા'ના નિયમ તેમજ નિર્દેશો હેઠળ અનેક અભિયાન ચલાવવાની શરૂઆત કરી. વિશ્વ પશુ દિવસનો હેતુ પશુ કલ્યાણના ધોરણોમાં સુધાર કરવાનો અને વ્યક્તિઓ તથા સંગઠનોનું સમર્થન પ્રાપ્ત કરવાનો છે.

આ દિવસનો મૂળ હેતુ વિલુપ્ત થતાં પ્રાણીઓની રક્ષા કરવાનો અને માનવી સાથેના પશુઓના સંબંધને મજબૂત કરવાનો છે. આંતરરાષ્ટ્રીય પશુ દિવસ આ ધારણા પર કામ કરે છે કે દરેક જાનવર એક વિશિષ્ટ સંવેદનાત્મક પ્રાણી છે અને એટલા માટે દરેક પશુ સંવેદના અને સામાજિક ન્યાય મેળવવા યોગ્ય પણ છે. કોઈ પ્રાકૃતિક સંકટના સમયે પણ આ પ્રાણીઓ પ્રત્યે કઠોર વર્તન કરવામાં આવતું હતું અને તેમની સુરક્ષા પ્રત્યે બેદરકારી દાખવવામાં આવી હતી જે અયોગ્ય છે 'યુનાઈટેડ નેશન્સે' પશુ કલ્યાણ પર એક ઘોષણાના નિયમ તેમજ નિર્દેશો સાથે અનેક અભિયાનની શરૂઆત કરી. પશુઓના દુઃખ અને થતી પીડાના સંદર્ભમાં તેમને સંવેદનશીલ પ્રાણી તરીકે ઓળખ કરી.

# તમામ લોકોને વિશ્વાસમાં લઇને રોજગારી પર કામ કરવાની જરૂર

**જમ્મુ કાશ્મીરના સંદર્ભમાં જોવામાં આવે તો આવા ઓપરેશન સુધી મર્યાદિત દ્રષ્ટિના કારણે ઇચ્છિત પરિણામ હાંસલ થઇ શકશે નહી**

જમ્મુ કાશ્મીરમાંથી ચર્ચાસ્પદ અને વિવાદાસ્પદ કલમ ૩૭૦ને દુર કરવામાં આવ્યા બાદ હવે સ્થિતીને સામાન્ય બનવાવા છેલ્લા કેટલાક સમયથી અવિરત પગલા લોકલક્ષી લેવામાં આવી રહ્યા છે છતાં કેટલાક પ્રશ્નો સતાવી રહ્યા છે. વિશ્વાસનો અભાવ હજુ પણ દેખાઇ રહ્યો છે. જેથી આવનાર સમયમાં કેટલાક નવા પડકારો રહેનાર છે. આ પગલાને લઈને તમામ પ્રકારની સાવધાની રાખવી પડશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે ધારણા પ્રમાણે જ કઠોર નિર્ણય કરીને કલમ ૩૭૦ને દુર કરી દીધી હતી. મોદી સરકારે બીજી અવધિના શરૂઆતી મહિનાઓમાં જ આ કઠોર નિર્ણય કરીને તમામને ચોંકાવી દીધા હતા. આનાથી ફાયદો થનાર છે. કેન્દ્ર સરકારે એકબાજુ લડાખને જમ્મુ કાશ્મીરથી અલગ કરવાનો નિર્ણય કર્યો છે. જમ્મુ કાશ્મીરને અલગ દરજ્જો આપી દેવામાં આવ્યો છે. આ તમામ નિર્ણયની અસર એ થશે કે હિંસા પણ થઇ શકે છે. આવી સ્થિતીમાં સતત સાવધાની રાખવાની રહેશે. હાલમાં અનેક ઘટનાક્રમના દોર વચ્ચે મોટા પાયે સુરક્ષા જવાનો કાશ્મીરમાં તૈનાત કરવામાં આવ્યા છે. મોદી સરકારના કઠોર નિર્ણય બાદ લોકોમાં નારાજગી ખાસ કરીને કટ્ટરપંથીઓમાં રહેલી નારાજગીનો લાભ પાકિસ્તાન ઉઠાવીને હુમલા કરાવી શકે છે. જેથી સુરક્ષા દળો સાથે વધારે પડકારો આવી ગયા છે. સરહદ પર ઘુસણખોરી કરવાના પ્રયાસો પણ અવિરત રીતે જ થઇ રહ્યા છે. જેથી આગામી દિવસો સુરક્ષા દળો સામે પડકારરૂપ હોઇ શકે છે. કમનસીબ બાબત એ છે કે સ્થાનિક લોકો હજુ ત્રાસવાદીઓને ટેકો આપી રહ્યા છે જેથી હુમલા કરીને સ્થાનિક લોકો વચ્ચે ત્રાસવાદીઓ વારંવાર સંતાઇ જાય છે. રાજ્યમાં શાંતિ સ્થાપિત કરવા માટે કેન્દ્ર સરકાર તરફથી વારંવાર પહેલ કરવામાં આવે છે પરંતુ સફળતા મળતી નથી. બીજી બાજુ સેનાને ઓપરેશન



ઓલઆઉટમાં મોટી સફળતા મળી રહી છે પરંતુ ત્રાસવાદી ગતિવિધી યથાવત રીતે જારી રહી છે. ત્રાસવાદીઓ કેટલી સંખ્યામાં છે તે પ્રશ્ન આના કારણે સર્જાય છે. રમજાનના પરિવત્ર મહિના દરમિયાન ભારત સરકારે શાંતિ સ્થાપિત કરવાના હેતુથી ત્રાસવાદીઓ સામે ઓપરેશન બંધ રાખવાનો નિર્ણય કર્યો હતો. જો કે આ ગાળા દરમિયાન હુમલા વધારે કરવામાં આવ્યા હતા. જે દર્શાવે છે કે જમ્મુકાશ્મીરમાં શાંતિ સ્થાપિત કરવાની બાબત સરળ દેખાઇ રહી નથી. જમ્મુ કાશ્મીરના સંદર્ભમાં જોવામાં આવે તો આવા ઓપરેશન સુધી મર્યાદિત દ્રષ્ટિના કારણે ઇચ્છિત પરિણામ હાંસલ થઇ શકશે નહી. હકીકતમાં વસ્તીના એક મોટા હિસ્સાની વિચારધારા અને તેમના વ્યવહારનો હિસ્સો બની ચુકેલી કોઇ પણ સમસ્યાને ઉકેલી દેવા માટે તાકાતની એક મોટી ભૂમિકા હોય છે પરંતુ સાથે સાથે તેને એકમાત્ર કારણ અને વિકલ્પ તરીકે જોઇને આગળ વધવાની બાબત યોગ્ય દેખાતી નથી. આના કારણે સમસ્યા વધારે ગંભીર બની જાય છે. કઠોર વલણની સાથે સાથે સમાયાતંર વાતચીતની પ્રક્રિયા જારી રાખીને જ બળ પ્રયોગનો કોઇ અર્થ નિકળી શકે છે. સમસ્યાની જડ બની ચુકેલા કેટલાક લોકોને વસ્તીથી અલગ કરવાની બાબત એક ચૂંટણી વલણ પણ હોય છે. કમનસીબ બાબત એ છે કે કાશ્મીરના સંબંધમાં છેલ્લા કેટલાક સમયથી વાતચીત માટેનો રસ્તો બંધ થયેલો છે. બલ્કે ચૂંટણી પ્રક્રિયાના પ્રયાસોમાં પણ ગંભીરતા દેખાઇ રહી નથી. વર્તમાન સ્થિતીમાં કાશ્મીરમાં સેનાના પ્રયાસો છતાં સ્થિતી વધારે સુધરી નથી. આશા કરી શકાય છે કે રોજગારીની તક ઉભી કરવામાં શહેરી મહિલાઓને તક આપવા જેવી બાબતોને પણ સામેલ કરી લેવામાં આવનાર છે. જો આવુ કરાશે તો જ દેશ ગરીબી દુર કરવા માટેના તેના લક્ષ્ય સુધી પહોંચી શકશે.ગરીબીની પરિભાષાને લઈને પણ હમેંશા નિષ્ણાંતોમાં ચર્ચા થતી રહે છે. આવી સ્થિતીમાં ગરીબીમાંથી કેટલા લોકો બહાર આવી ગયા છે અને આવશે તે અંગે કોઈ વાત કરવી સરળ નથી. આઝાદી બાદથી જ ગરીબીને દુર કરવા માટેના પ્રયાસ દરેક સરકાર પોતાના સ્તર પર કર રહી છે. જો કે યોજના બનાવવામાં આવી હોવા છતાં



Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

### WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now
C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234
info@cyberoctet.com
www.cyberoctet.com


CMYK

ઓછું સાંભળવું ક્યાંક તમને તમારા પરિવારથી દૂર ન કરી દે. બહેરાશને અવગણશો નહિં....



નવા અદ્યતન ડીજીટલ હીયરીંગ એઈડ
યોગ્ય સલાહ લઈ હીયરીંગ એઈડ
(કાનનું મશીન) અપનાવો.

- ઓડીયોલોજીસ્ટ દ્વારા હીયરીંગ ટેસ્ટીંગ અને હીયરીંગ એઈડ પ્રીસ્ક્રીપ્સન
- ડીજીટલ હીયરીંગ મશીન્સ
- સરકારી કર્મચારી પેન્સનરોને રૂા.50,000/- સુધીના કાનના મશીનનું રીએમ્બેસમેન્ટ થઈ શકે છે.
- હીયરીંગ એઈડ ફક્ત રૂા.10,000/- થી શરૂ
- રીચાર્જેબલ હીયરીંગ એઈડ રૂા.24,000/- થી શરૂ

ફ્રી નિદાન કેમ્પ તારીખ ૦૪-૦૭-૨૦૨૪ ના રોજ

એપોઈન્ટમેન્ટ લઈને આવવું જરૂરી. સંપર્ક : 079-26765186, 9327901950

સહારા સ્પીચ એન્ડ હીયરીંગ ક્લિનીક

બ્રાંચ ઓફિસ :
દુકાન નં. ૧૦, પહેલો માળ, શ્રી ઉમિયા માતા કોમ્પલેક્ષ, ઊંઝા બસ ડેપો અંદર, ઊંઝા.
M.: +91 7486035104, 9265615021



વીજળીના બિલને કરો 0

નેશનલ પોર્ટલ રૂફટોપ સબસીડી મળવા પાત્ર

Navkalp SOLAR Since 2013
it's time to save



25 YEARS WARRANTY

ગુજરાત ની અગ્રણી રેસીડેન્શીયલ INDUSTRIAL સોલાર રૂફટોપ કંપની

Help Line
+91 93 77 51 77 52



નૂતન વર્ષાભિનંદન
કડીમાં સૌ પ્રથમ કુદરતી સૌંદર્યમાં, કુદરતી વાતાવરણમાં અતિ આધુનિકતાઓથી સુસજ્જ ટ્રેડીશનલ પાર્ટી પ્લોટ...

પ્રસંગો અનેક પણ સ્થળ એક જ...

શિવાય ગ્રીન્સ પાર્ટી પ્લોટ

બુકીંગ ચાલુ

સુવિધાઓ
- કડી શહેરથી તદ્દન નજીક
- ૪૦૦૦ થી વધુ વ્યક્તિઓ પ્રસંગ માણી શકે તેવી વિશાળ જગ્યા
- બેન્કવેટ હોલની વ્યવસ્થા
- ૧૦ એ.સી.રૂમની વ્યવસ્થા
- મેઈન રોડ તથા કિચન માટે અલગ રોડની વ્યવસ્થા
- વિશાળ પાર્કિંગ • વિશાળ એન્ટ્રી



4000+ કેપેસીટીવાળી વિશાળ જગ્યા

લગ્ન પ્રસંગ, રીસેપ્શન, રાસ-ગરબા, સગાઈ, બર્થ-ડે પાર્ટી, કોન્ફરન્સ હોલ, કંપની પ્રેઝન્ટેશન માટે પાર્ટી પ્લોટ ભાડે મળશે.

| દેવેન્દ્રભાઈ રાવળ | રઘનાથભાઈ દેસાઈ | જોરૂભાઈ રાવળ | જયેશ જે. રાવળ | ધાર્મિક ડી. રાવળ |
|---|---|---|---|---|
| M. 98258 87954 | M. 6355490101 | M. 9913889051 | M. 6353996080 | M. 8160349742 |

સ્થળ : હોટલ જય ભોલે, ઉંટવા ચોકડી, કડી-નંદાસણ રોડ, મુ.ઉંટવા, તા.કડી



LOVE SHOTS™
NATURAL ENERGY & STAMINA BOOSTER

PACKED WITH Unlimited Natural Energy Plant Based



NO CAFFEINE CHEMICALS SUGAR



ANTIOXIDANTS · VEGAN · GREEN TEA & TURMERIC

SWEETENED WITH ROCK CANDY [ ખડી સાકર ]
VITAMINS C, B2, B3, B5, B6, AND B12
POTASSIUM, IRON, MANGANESE

NATURAL NUTRIENTS FROM GREEN TEA, LEMON GRASS, FENUGREEK, TURMERIC

ONLY NATURAL

AVAILABLE ON
amazon.com · Flipkart · JioMart · Planet Health

Product of
Mbitions Foods & Nutrients Pvt. Ltd.
U.S. FDA Registration No.: 19465527084

### કપિલના શોમાં જોવા મળ્યો જોરદાર ડ્રામા

# નવજોત સિંહ સિદ્ધૂએ અર્ચનાની ખુરશી પર કબ્જો કર્યો



કપિલ શર્માના લોકપ્રિય કોમેડી શોને લઈને એક મોટું અપડેટ સામે આવ્યું છે. નવજોત સિંહ સિદ્ધુ ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શોમાં પાછા ફર્યા છે. સોશિયલ મીડિયા પર એક વીડિયો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જેમાં સિદ્ધૂ અર્ચનાની ખુરશી પર બેઠેલી જોવા મળી રહ્યા છે. કપિલ પોતે પણ તેને જોઈને આશ્ચર્યચકિત થઈ ગયો હતો. અર્ચના પુરણ સિંહ કહેતી જોવા મળે છે કે તેની ખુરશી પર કબજો કરી લેવામાં આવ્યો છે. આવો જાણીએ શું છે સમગ્ર મામલો...મેકર્સ દ્વારા રિલીઝ કરવામાં આવેલા ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શોના નવા પ્રોમોમાં નવજોત સિંહ સિદ્ધુ અર્ચના પુરણ સિંહની ખુરશી પર બેઠેલા જોવા મળે છે. કપિલ તેને જોઈને ચોંકી જાય છે અને પછી કહે છે કે સુનીલ ગ્રોવર હંમેશા સિદ્ધુના વેશમાં આવે છે. આ પછી સુનીલ ગ્રોવર સિદ્ધુ તરીકે આવે છે અને પછી કપિલ અસલી અને નકલી સિદ્ધુને જોઈને આશ્ચર્યચકિત થઈ જાય છે. પછી અર્ચના પુરણ સિંહ આવે છે, અને કપિલને કહે છે કે 'સરદાર સાહેબને કહો મારી ખુરશી પરથી ઊભા થઈ જાય, તેઓ કબજો કરી ને બેઠા છે.શોમાં હરભજન સિંહ પણ જોવા મળે છે જે કહે છે - 'દુનિયા ગમે તે કહે, કોઈના કહેવાથી કોઈ બુદ્ધુ નથી બની જતું. કોઈ ખુરશી પર બેસવાથી સિદ્ધુ નથી બની જતું.' આ પછી નવજોત સિંહ સિદ્ધુ હરભજનને ગળે લગાવે છે. સિદ્ધુએ વાસ્તવમાં અર્ચનાની ખુરશી પર કબજો જમાવ્યો નથી, હકીકતમાં તે પોતાની પત્ની નવજોત કૌર સાથે શોમાં પહોંચ્યો હતો. તેના સિવાય ક્રિકેટર હરભજન સિંહ પણ તેની પત્ની ગીતા બસરા સાથે જોવા મળે છે. આ બધું અર્ચનાની ટીખળ છે. તે જ સમયે, પ્રોમો જોયા પછી, દર્શકો આ એપિસોડના સ્ટ્રીમ થવાની રાહ જોઈ રહ્યા છે.

# સિદ્ધાર્થ મલ્હોત્રા પણ હવે હોરર કોમેડી પર હાથ અજમાવશે

### સિદ્ધાર્થ મલ્હોત્રાએ છેલ્લે ધર્મા પ્રોડક્શનની 'યોદ્ધા'માં કામ કર્યુ



સિદ્ધાર્થ મલ્હોત્રાએ છેલ્લે ધર્મા પ્રોડક્શનની 'યોદ્ધા'માં કામ કર્યું હતું, જે બોક્સ ઓફિસ પર ખાસ કોઈ કમાલ કરી શકી નહોતી. ત્યારથી સિદ્ધાર્થ કૅરિઅરની દૃષ્ટિએ થોડા નબળાં સમયમાંથી પસાર થઈ રહ્યો હતો. જોકે, તેની શેરશાહ ઓટીટી પર ઘણી સારી ચાલી હતી. ત્યારે તે ઘણા લાંબા સમયથી કોઈ સારી ફિલ્મની રાહમાં હતો. હવે અંતે તેણે એક નવી ફિલ્મની જાહેરાત કરી છે. આ તબક્કામાંથી સફળતાપૂર્વક બહાર આવવા માટે સિદ્ધાર્થે પણ હાલ ખૂબ લોકપ્રિય થઈ રહેલાં એવા ફિલ્મના જોનર હોરર કોમેડીમાં હાથ અજમાવવાનું નક્કી કર્યું છે. છેલ્લે આવેલી સતત ત્રણ હોરર કોમેડી ફિલ્મો 'મુંજ્યા', 'સ્ત્રી ૨' અને 'ભૂલ ભુલૈયા ૩' સારી ચાલી છે, આ ત્રણ ફિલ્મો હોરર કોમેડી હોવાની સાથે હાર્ટલૅન્ડ સ્ટોરી એટલે કે ઉત્તરના નાના શહેરોની વાર્તાઓ સાથે સંકળાયેલી હતી. ત્યારે સિદ્ધાર્થે પણ હવે એકતા કપૂરની આ જ ફોર્મ્યુલા સાથે બની રહેલી ફિલ્મમાં ઝંપલાવ્યું છે. મહત્વની વાત એ છે કે, આ ફિલ્મ સોશિયલ મીડિયા અને વેબ સિરીઝ બનાવવા માટે જાણીતા પ્લેટફર્મ ટીવીએફ અને પંચાયતના ડિરેક્ટર દીપક મિશ્રા જ ડિરેક્ટ કરશે. આ એક એવી ફિલ્મ હશે, જેમાં ટેક્નોલોજી સાથે લોકકથાનું મિશ્રણ જોવા મળશે, આમ આ એક 'મુંજ્યા' અને 'તુંબાડ' પ્રકારની ફિલ્મ હશે. સિદ્ધાર્થ મલ્હોત્રાએ પોતાના સોશિયલ મીડિયા પર આ ફિલ્મ અનાઉન્સ કરતાં એક પોસ્ટર શેર કર્યુ હતું. જેના હિન્દી પોસ્ટર પરથી ફિલ્મનું નામ 'વન' હોવાનો ખ્યાલ આવે.

# 'પુષ્પાઃ ધ રૂલ'ની રિલીઝ પૂર્વે સ્પેશિયલ સોન્ગ એનાઉન્સ થયું છે

### 'પુષ્પા'માં અલ્લુ અર્જુન જેટલાં જ વખાણ સામંથા રૂથ પ્રભુના સ્પેશિયલ ડાન્સ 'ઊ અંટ્વા'ના થયા હતા



અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાનાની 'પુષ્પા'ની સીક્વલ ૫ ડિસેમ્બરે રિલીઝ થઈ રહી છે. 'પુષ્પા'માં અલ્લુ અર્જુન જેટલાં જ વખાણ સામંથા રૂથ પ્રભુના સ્પેશિયલ ડાન્સ 'ઊ અંટ્વા'ના થયા હતા. બ્લોકબસ્ટર ફિલ્મની સીક્વલમાં સ્પેશિયલ સોન્ગ કરવા સામંથાએ ઈનકાર કર્યો હતો. લાંબી મથામણ પછી મેકર્સે સ્પેશિયલ સોન્ગ માટે શ્રીલીલાની પસંદગી કરી છે.'પુષ્પાઃ ધ રૂલ'ની રિલીઝ પૂર્વે સ્પેશિયલ સોન્ગ એનાઉન્સ થયું છે. મેકર્સે આખું ગીત શેર કરવાના બદલે તેનું પોસ્ટર સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું છે. કેપ્શનમાં જણાવાયું છે કે, ડાન્સિંગ ક્વિન શ્રીલીલા 'કિસિક' સોન્ગ ઓફ ધ યર માટે બોર્ડ પર આવી ગઈ છે. આ સોન્ગ ડાન્સ અને મ્યૂઝિકનો ગજબ આનંદ આપશે. ૫ ડિસેમ્બરે 'પુષ્પા ૨- ધ રૂલ'ની વર્લ્ડવાઈડ રિલીઝ છે. 'પુષ્પા'માં સ્પેશિયલ ડાન્સ વગર મસાલા ફિલ્મનું મનોરંજન અધૂરું રહેતું હોવાનું મેકર્સને પણ લાગતું હતું. તેથી તેમણે શરૂઆતમાં નવો અખતરો કરવાના બદલે સામંથા રૂથ પ્રભુ પાસે જ ગીત કરાવવાનો આગ્રહ રાખ્યો હતો. આ ફિલ્મ આવી તે સમયે સામંથા પોતાના અંગત જીવનની સમસ્યાઓમાં ઘેરાયેલી હતી. આ ગીતથી તેને નવી ઓળખ મળી હતી, પરંતુ સામંથાને પોતાની ઓળખ એક્ટર તરીકે ઊભી કરવી હતી. દરમિયાન તેની બીમારી અને સારવાર માટે લાંબા બ્રેકનો સમયગાળો પણ આવી ગયો. સામંથાને રાજી કરવાના પ્રયાસો સફળ ન રહેતા મેકર્સે સાઉથની પોપ્યુલ એક્ટ્રેસ શ્રીલીલાને પસંદ કરી હતી. શ્રીલાલાના સ્પેશિયલ સોન્ગ બાબતે સમગ્ર ટીમે લાંબો સમય ચૂપકિદી રાખી હતી, પરંતુ હવે ફિલ્મની રિલીઝ ડેટ નજીક આવી રહી હોવાથી ઉત્સુકતા ઊભી કરવા સસ્પેન્સ પરથી પડદો ઊંચકાયો છે.

# આમિર અને અજયને ફરી 'ઈશ્ક' કરવાની ઈચ્છા



આમિર ખાન અને અજય દેવગને માત્ર એક જ ફિલ્મમાં સાથે કામ કર્યું છે. ૧૯૯૭ના વર્ષમાં બ્લોકબસ્ટર રહેલી 'ઈશ્ક' પછી તેઓ ક્યારેય ઓનસ્ક્રિન સાથે જોવા મળ્યા નથી. આ ફિલ્મના ડાયરેક્ટર-પ્રોડ્યુસર ઈન્દર કુમારના દીકરા અમનની પહેલી ફિલ્મ 'તેરા યાર હૂં મૈં'ની લોન્ચ માટે મુંબઈમાં એક ઈવેન્ટ યોજાઈ હતી. આ પ્રસંગે આમિર અને અજયે ઈન્દરકુમાર તથા ડાયરેક્ટર મિલાપ ઝવેરી સાથે જૂની યાદો વાગોળી હતી. 'તેરા યાર હૂં મૈં'ની લીડ કાસ્ટ અમન અને આકાંક્ષા શર્માને બંને સુપરસ્ટાર્સે શુભેચ્છા આપી હતી. આ સાથે પરેશ રાવલ, જાવેદ જાફરી, આફતાબ શિવદાસાની, જ્હોની લીવર જેવા જાણીતાં એક્ટર્સ પણ ઉપસ્થિત રહ્યા હતા. હાલ બોલિવૂડમાં સીક્વલનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે ત્યારે આમિર અને અજયે 'ઈશ્ક'ને યાદ કરી તેની સીક્વલ બનાવવા ઈન્દર કુમારને જણાવ્યું હતું. ઈન્દર કુમારે પણ તેમના સૂચનને વધાવી લેતાં 'ઈશ્ક'ની સીક્વલ બનવાની અટકળો શરૂ થઈ હતી.


# લગ્નના ત્રણ વર્ષ બાદ માતા બની અભિનેત્રી સના સૈયદ

### દીકરીને આપ્યો જન્મ, શેર કરી ઇન્સ્ટા પોસ્ટ

સના સૈયદે તેના પતિ ઈમાદ સાથેનું એક સુંદર પૉસ્ટર સોશિયલ મીડિયા પર શેર કર્યું અને કહ્યું કે તેમના ઘરે દીકરીનો જન્મ થયો છે. લગ્નના ૩ વર્ષ બાદ આ દંપતીએ તેમના પ્રથમ બાળકનું સ્વાગત કર્યું છે. જ્યારથી આ સમાચાર આવ્યા છે ત્યારથી ઈન્ડસ્ટ્રીના લોકો અને મિત્રો તેને અભિનંદન આપી રહ્યા છે.સના સૈયદે લખ્યું, 'બેબી ગર્લનું સ્વાગત છે, ૯.૧૦.૨૦૨૪ સના અને ઈમાદ. આ પૉસ્ટ જોઈને, કોઈપણ વ્યક્તિ કલ્પના કરી શકે છે કે લગ્નના ૩ વર્ષ પછી તેમના પ્રથમ બાળકનું સ્વાગત કરવા માટે કપલ કેટલું ઉત્સાહિત હતું. સના સૈયદે પણ સોશિયલ મીડિયા પર તેના પતિ સાથેની કેટલીક તસવીરો શેર કરીને તેની પ્રેગ્નન્સીની જાહેરાત કરી હતી, જેમાં તેનો બેબી બમ્પ દેખાઈ રહ્યો હતો. અભિનેત્રીએ સફેદ સ્વેટર અને બ્લૂ ડેનિમ પહેરેલી તસવીરો પૉસ્ટ કરી હતી, જ્યારે અન્ય પૉસ્ટમાં તે બ્લેક બૉડીકોન ડ્રેસ પહેરેલી જોવા મળી હતી.ટીવી એક્ટ્રેસ સના સૈયદે પોતાની પ્રેગ્નન્સીના કારણે 'કુંડલી ભાગ્ય' છોડી દીધી છે. જો કે તેણે આ સમાચાર છુપાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ આ સમાચાર લીક થઈ ગયા અને જંગલની આગની જેમ ફેલાઈ ગયા. સનાએ પ્રેગનન્સીની અફવાઓ પર મૌન જાળવી રાખ્યું હતું અને સોશિયલ મીડિયા પર પણ સક્રિય રહી હતી કારણ કે દરેક તેની સત્તાવાર જાહેરાતની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. 'કુંડલી ભાગ્ય'માં સના સૈયદની જગ્યાએ અદ્રિજા રોય પાલકીની ભૂમિકામાં જોવા મળે છે. રસપ્રદ વાત એ છે કે શોમાં પ્રીતાનું પાત્ર ભજવનારી શ્રદ્ધા આર્ય પણ ગર્ભવતી છે અને ટૂંક સમયમાં માતા બનવા જઈ રહી છે.




# ચુલબુલ પાંડેને પણ કોપ યુનિવર્સમાં સિંઘમ અને સિમ્બાની જેમ લીડ રોલ મળશે?



રોહિત રોહિત શેટ્ટીની 'સિંઘમ અગેઇન'માં તેણે તેના કોપ યુનિવર્સના બધા જ મોટા સ્ટાર્સને એકસાથે એન્ટ્રી આપી દિધી તો ઘણાએ તેને માર્વેલ્સ એન્ડ ગેમ સાથે સરખાવી હતી. તો કેટલાકે એવી પણ ચર્ચા કરી હતી કે આ રોહિત શેટ્ટીની કોપ યુનિવર્સની છેલ્લી ફિલ્મ હશે. પરંતુ આ ફિલ્મના અંતમાં દબંગ ફ્રેન્ચાઈઝીના ચુલબુલ પાંડેની એન્ટ્રીથી કેટલાંક દર્શકોએ એવી ધારણા કરી હતી કે હવે ટૂંક સમયમાં હવે બાજીરાવ સિંઘમ સાથે ચુલબુલ પાંડે પણ ખભે ખભો મિલાવીને ગુનેગારોનો સામનો કરતો જોવા મળશે. ત્યારે તાજેતરના ઈન્ટરવ્યૂમાં રોહિત શેટ્ટી અને અજય દેવગને આ અંગે વાત કરી હતી. અજયે સલમાનની એન્ટ્રી અંગે વાત કરતા કહ્યું,''અમે બંનેએ એકસાથે શરૂઆત કરી હતી. તેણે મારા કરતાં એક-બે વર્ષ પહેલાં શરૂઆત કરી હતી. અમારે બંનેને એકબીજા સાથે હંમેશા સારો સંબંધ રહ્યો છે. એક સમયે શરૂઆત કરનારા અમને બધાને એકબીજા સાથે સારું બને છે. અમે બધા એકબીજાને કોઈ કામ હોય તો અડધી રાત્રે પણ ફોન કરી શકીએ છીએ. અમે બધાં જ જાણીએ છીએ કે અમે બધા એકબીજા સાથે હંમેશા ખડા રહીશું.''સલમાને ૧૯૮૮માં 'બીવી હો તો ઐસી' ફિલ્મથી શરૂઆત કરી હતી. જ્યારે અજય દેવગને ૧૯૯૧માં કપુકુ કોહલીની 'ફૂલ ઔર કાંટે'થી ઈન્ડસ્ટ્રીમાં ધમાકેદાર એન્ટ્રી કરી હતી.

# કઈ જાતિમાંથી આવે છે દિગ્ગજ અમિતાભ બચ્ચન?


મેગાસ્ટાર અમિતાભ બચ્ચનને કોઈ પરિચયની જરૂર નથી. અમિતાભ બચ્ચન વર્ષોથી ઈન્ડસ્ટ્રીમાં સક્રિય છે અને તેમના ચાહકોનું મનોરંજન કરી રહ્યા છે. અમિતાભ પોતાની પ્રોફેશનલ અને પર્સનલ લાઈફમાં સારું બેલેન્સ જાળવી રાખે છે. ચાહકો તેમને પ્રેમથી બિગ બી કહે છે. પરંતુ શું તમે જાણો છો કે અમિતાભનું અસલી નામ અમિતાભ બચ્ચન નહીં પરંતુ કંઈક બીજું છે?તમને જણાવી દઈએ કે અમિતાભ બચ્ચનના પિતા ઉત્તર પ્રદેશના હતા. તે કાયસ્થ પરિવારથી આવતા હતા અને માતા શીખ પરિવારમાંથી આવતા હતા. અમિતાભ બચ્ચનનું સાચું નામ ઈન્કલાબ શ્રીવાસ્તવ હતું, જે પછી બદલાઈ ગયું હતું. અમિતાભ બચ્ચને તેમની અટક બદલી. તેમની અટક શ્રીવાસ્તવ હતી, જે બદલીને બચ્ચન કરવામાં આવી હતી. અમિતાભે પોતે આ વિશે વાત કરી હતી.કૌન બનેગા કરોડપતિમાં તેણે કહ્યું હતું કે બચ્ચન અટક તેના પિતા શ્રી હરિવંશ રાય બચ્ચનની ભેટ છે. અમિતાભે કહ્યું- મારા પિતા જાતિના બંધનમાં બંધાવા માંગતા ન હતા. તે મુક્ત રહેવા માંગતા હતા. કવિ હોવાને કારણે તેમની બચ્ચન અટક પડી. પછી જ્યારે હું એડમિશન માટે શાળામાં ગયો ત્યારે શિક્ષકે મારી અટક પૂછી અને મારા પિતાએ મને કહ્યું કે મારી અટક બચ્ચન છે. ત્યારથી બચ્ચન અટક શરૂ થઈ. તમે અમારી અટક પરથી જાતિ વિશે જાણી શકશો નહીં. એટલા માટે પિતાએ જાણી જોઈને આવું કર્યું. હું નસીબદાર છું કે હું આવા પરિવારમાં જન્મ્યો છું અને બચ્ચન અટક સાથે જન્મ્યો છું.વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, અમિતાભ બચ્ચન છેલ્લે ફિલ્મ કલ્કી ૨૮૯૮ એડીમાં જોવા મળ્યા હતા. આ ફિલ્મમાં અમિતાભ અશ્વત્થામાના રોલમાં હતા. ફિલ્મમાં અમિતાભના રોલના સૌથી વધુ વખાણ થયા હતા.



# અમિતાભ, શાહરૂખ સાથે 'ભૂતનાથ ૩'ની તૈયારી

### અગાઉની બંને ફિલ્મમાં શાહરૂખનો કેમિયો હતો

હોરર કોમેડીનો જાદુ ઓડિયન્સને પ્રભાવિત કરી રહ્યો છે અને તેના કારણે બોલિવૂડમાં પણ આ જોનર માટે સ્નેહ ઊભરાઈ રહ્યો છે. ટી-સિરીઝ દ્વારા પ્રોડ્યુસ થયેલી 'ભૂલ ભુલૈયા ૩'ની સીધી ટક્કર 'સિંઘમ અગેઈન' સાથે થઈ છે. બિગ બજેટ અને મલ્ટિ સ્ટાર 'સિંઘમ અગેઈન' કરતાં વધારે આવકાર 'ભૂલ ભુલૈયા ૩'ને મળી રહ્યો છે. ઓડિયન્સના આ મિજાજને જોઈ ટી-સિરીઝે હોરર કોમેડી જોનરની વધુ એક ફિલ્મની સીક્વલ બનાવવાનું વિચાર્યુ છે. 'ભૂતનાથ' ફ્રેન્ચાઈઝીની ત્રીજી ફિલ્મમાં અમિતાભ બચ્ચન અને શાહરૂખ ખાનનો લીડ રોલ રાખવાનું પ્રોડક્શન હાઉસે વિચાર્યુ છે. બંને સુપરસ્ટાર્સે પણ હોરર કોમેડીના ટ્રેન્ડમાં જોડાવા માટે ઉત્સુકતા દર્શાવી હોવાનું કહેવાય છે. 'ભૂલ ભુલૈયા ૩'ની રિલીઝ પૂર્વે જ 'ભૂતનાથ ૩'ની તૈયારીઓ શરૂ થઈ ગઈ હતી. કાચી સ્ક્રિપ્ટ પૂરી થવાની તૈયારીમાં છે. સ્ક્રિપ્ટ ફાઈનલ થયાં પછી પ્રોજેક્ટ પર પૂરજોશથી કામ શરૂ થશે. 'ભૂતનાથ'માં જૂના એક્ટર્સ અને કેરેક્ટર્સને જ યથાવત રાખવાનું આયોજન છે. ૨૦૨૫ પહેલા તેનું શૂટિંગ શરૂ થઈ શકે તેમ નથી, પરંતુ ૨૦૨૬માં રિલીઝ કરવાનું આયોજન છે. ૨૦૦૮માં 'ભૂતનાથ' રિલીઝ થઈ હતી. તે પછી ૨૦૧૪માં 'ભૂતનાથ રીટર્ન્સ'નું આગમન થયું હતું. આ બંને ફિલ્મોમાં શાહરૂખ ખાનનો કેમિયો હતો, જ્યારે અમિતાભ બચ્ચનનો લીડ રોલ હતો. 'ભૂતનાથ'ની બંને ફિલ્મનું પ્રોડક્શન ટી સિરીઝ અને બીઆર ફિલ્મ્સ દ્વારા થયું હતું. ફ્રેન્ચાઈઝીની ત્રીજી ફિલ્મ માટે પણ આ બંને પ્રોડ્યુસર તૈયાર છે.



# ટૂથપિકનો ઉપયોગ કરતા હો તો સાવધાન...

## દાંતમાં ગેપ, જડબામાં નુકસાન અને પેઢામાં લોહીની સમસ્યા થઈ શકે



આપણી આજુબાજુ ઘણા લોકો એવા હોય છે જેને જમ્યા બાદ ટૂથપિક નાખવાની કે દાંત ખોતરવાની આદત હોય છે. તમારી આ નાની આદત દાંત અને પેઢા માટે સમસ્યા બની શકે છે અને અનેક રીતે નુકસાન કરે છે. ઓર્થોડોન્ટિસ્ટ ડૉ. ઝફર ખાન જણાવે છે કે, ટૂથપિક વડે દાંત ખોતરવાની આદતથી દાંત અને પેઢાને શું નુકસાન થઈ શકે છે?

### દાંત નબળા પડી જાય છે

ટૂથપિક નાખવાની કે માચિસની સળીથી દાંત ખોતરીને ચાવતા હોય છે. જેના કારણે દાંતમાં પોલાણ થાય છે, પેઢાને નુકસાન થાય છે ને દાંત નબળા પડી જાય છે.

### દાંતની વચ્ચે જગ્યા પણ થઇ શકે છે

ટૂથપિકથી જે લોકો દાંત સાફ કરે છે, તે લોકોનાં દાંતની વચ્ચે જગ્યા થઈ શકે છે, જે દેખાવમાં પણ ખરાબ લાગે છે. આ સાથે જ ખોરાક પણ ફસાઈ જવાથી સડાની પણ સમસ્યા થઈ શકે છે.

### દાંતના પેઢા માટે નુકસાનકારક

વારંવાર ટૂથપિકના ઉપયોગથી દાંતના પેઢા નબળા થઈ જાય છે. ઘણીવાર દાંત સાફ કરતા સમયે ટૂથપિક તૂટી જાય છે અને ટૂથપિકનો ટુકડો દાંતમાં ફસાઈ જાય છે, જેના કારણે નુકસાન થાય છે.

### પેઢામાંથી લોહી નીકળવું

ટૂથપિક નાખવાથી કે માચિસની સળીથી દાંત ખોતરવાને કારણે પેઢામાં ઈજા થાય છે. જેના કારણે પેઢામાંથી લોહી નીકળે છે.

### ટૂથપિક થી દાંતને નુકસાન થાય છે

જે લોકોને ટૂથપિક વડે દાંત ખોતરવાની આદત હોય છે તેમાંથી ધીમે ધીમે છૂટકારો મેળવવા માટે, જમ્યા બાદ દર વખતે કોગળા કરવાની ટેવ પાડવી જોઈએ. જો તમે કોગળા માટે મીઠું સાથે નવશેકું પાણીનો ઉપયોગ કરો છો તો દાંત માટે વધુ સારું રહેશે. ટૂથપિક વડે દાંત ખોતરવાની આદત છોડી દેવી જોઈએ. આમ છતાં ન છૂટે તો સળીને બદલે લીમડાની સળીનો ઉપયોગ કરવો જોઈએ.

યાદ રાખો, હંમેશાં જમ્યા બાદ બ્રશ કરવું જોઈએ, જેના કારણે દાંત સાફ થઈ જશે અને દાંતમાં ખોરાકના કણો પણ નહી રહે. બ્રશ કર્યા બાદ તમને ટૂથપિકનો ઉપયોગ કરવાની પણ જરૂર નહી રહે.

### નિયમિત ચેકઅપ કરાવો

દાંતની દેખભાળ માટે દાંતનું નિયમિત ચેકઅપ કરાવવું જરૂરી છે. દાંતમાં દુખાવો, સડો, સેન્સિટિવિટી થવાની રાહ ન જુઓ. વર્ષમાં એકવાર ડેન્ટિસ્ટ પાસે ચેકઅપ કરાવો. જેથી દાંતમાં થતી મુશ્કેલીને અગાઉથી જ રોકી શકો છો.

### દાંતની બીમારીને નજર અંદાજ ન કરો

આપણને કોઈ પણ સમસ્યામાં થોડો આરામ મળતાં જ ભૂલી જઈએ છીએ, પરંતુ એ દાંત માટે જોખમી સાબિત થઈ શકે છે. સારવાર ગમે તે હોય, જો ડોક્ટરે રિ-ચેકઅપ માટે કહ્યું હોય, તો ચોક્કસપણે ચેકઅપ કરાવવું જોઈએ. ખાસ કરીને રુટ કેનાલ, દાંત કાઢવા, પેઢાની સર્જરી જેવી પરિસ્થિતિઓમાં, ઘાને મટાડવામાં અને સ્થિતિ સંપૂર્ણપણે સામાન્ય થવામાં સમય લાગે છે, તેથી નિયમિતપણે ફોલોઅપ કરાવવું જોઈએ.

### ડોક્ટરની સલાહ વગર દવા ન લેવી જોઇએ

ડોક્ટરની સલાહ વગર કોઈ પણ દવા લેવાથી નુકસાન થઈ શકે છે. જ્યારે પણ તમને દાંત, મોં કે શરીરના કોઈપણ ભાગમાં કોઈ સમસ્યા જણાય તો તુરંત જ ડૉક્ટર પાસે જાવ, તમારી જાતે જ ઈલાજ શરૂ ન કરો.

### ડોક્ટરને જે સમસ્યા હોય તે જણાવો

ડેન્ટલ ટ્રીટમેન્ટ કરાવતાં પહેલાં ડેન્ટિસ્ટને જણાવો કે ભૂતકાળમાં કયા રોગોની સારવાર કરવામાં આવી છે. આ સિવાય જો તમે દાંતની કે કોઈ અન્ય દવા લઈ રહ્યા છો અથવા લાંબા સમયથી ખાઈ રહ્યા છો તો તેના વિશે પણ જણાવો .જો તમને કોઈપણ દવાથી એલર્જી હોય તો તમારા ડેન્ટિસ્ટને માહિતગાર કરો. દાંત પણ શરીરનો એક ભાગ છે, તેથી શરીરના બાકીના ભાગો વિશે આપવામાં આવેલી માહિતી ફાયદાકારક બની શકે છે.

### દર 3-4 મહિને બ્રશ બદલી નાખો

લોકોને દાંત સાફ કરવામાં બહુ ઓછો સમય લાગે છે. કેટલાક લોકોને દિવસમાં બે વાર દાંત સાફ કરવામાં પણ તકલીફ પડે છે. દાંતને સ્વસ્થ રાખવા માટે જરૂરી છે કે તેમને 2થી 3 વાર નિયમ પ્રમાણે સાફ કરવામાં આવે. તો એ વાતનું ખાસ ધ્યાન રાખવું કે, વધુ વખત અને ઝડપથી દાંત સાફ કરવાથી દાંતનું ઉપરનું પડ નબળું પડી જાય છે. દાંત સાફ કરવાની સાચી રીત જાણવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. સોફ્ટ બ્રશ વડે દાંતની ઉપર અને અંદરની બંને બાજુ સાફ કરો. મોંના દરેક ખૂણા સુધી પહોંચવાનો પ્રયાસ કરો 3-4 મહિને બ્રશને અચૂક બદલો.

### જંકફૂડ ન ખાઓ

બજારમાં ઘણી એવી પ્રોડક્ટ્સ હોય છે જે દાંતને નુકસાન પહોંચાડી શકે છે, જેમ કે ઠંડાં પીણાં પીવાં દાંત માટે નુકસાનકારક સાબિત થાય છે. ગરમ કે ઠંડું કંઈપણ ખાધા પછી દાંતમાં કળતર થાય છે. કેન્ડી, ચિપ્સ, ક્રીમ બિસ્કિટ જેવી મીઠી અને ચીકણી વસ્તુઓ ખાવાથી દાંતમાં સડો થાય છે .આ વસ્તુઓ ઓછી ખાવી જોઈએ. જો બાળકો જીદ કરે તો અઠવાડિયામાં એક દિવસ આ વસ્તુઓ આપી શકે છે. જ્યારે પણ બાળકોને આ વસ્તુ આપો છો ત્યાર બાદ દાંત સાફ કરવાનું ભૂલશો નહીં.

### લીલાં શાકભાજી અને ફળ ખાઓ

લીલાં શાકભાજી અને ફળ શરીરની સાથે-સાથે દાંત માટે પણ બહુ જરૂરી છે.

જે ખાવાથી જરૂરી વિટામિન મળે છે. વિટામિન સી અને વિટામિન ડી બંને દાંત માટે ફાયદાકારક છે. વિટામિન સી પેઢાં માટે જરૂરી છે. તો વિટામિન ડી હાડકાં અને દાંત માટે જરૂરી છે.

# નેશનલ લિસ્ટ ઓફ એસેન્શિયલ મેડિસિનમાં 384 દવા



કોરોના મહામારી બાદ ઘણા લોકો ડોક્ટરની સલાહ લીધા વગર દવાઓ ખરીદે છે. આ પૈકી ઘણી દવાઓ એવી હોય છે, જેનાથી કેન્સર સહિત અને ગંભીર બીમારીઓ થઇ શકે છે. આ બાદ મંગળવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ નેશનલ લિસ્ટ ઓફ એસેન્શિયલ મેડિસિન (NLEM)નું અપડેટેડ લિસ્ટ બહાર પાડ્યું છે.

7 વર્ષ બાદ લિસ્ટને અપડેટ કરવામાં આવ્યું અગાઉ વર્ષ 2015માં નેશનલ લિસ્ટ ઓફ એસેન્શિયલ મેડિસિનનું લિસ્ટ જાહેર કરવામાં આવ્યું હતું.

આ લિસ્ટમાં 384 દવાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. કેન્સરની સારવારમાં વપરાતી 4 દવાઓ સહિત 34 નવી દવાઓ પણ ઉમેરવામાં આવી છે. સરકારે આ દવાઓના વેચાણ અને ખરીદીને મંજૂરી આપી દીધી છે. આ સાથે 26 દવાઓ પણ યાદીમાંથી બહાર કરવામાં આવી છે.એક્સપર્ટ ડૉ. બાલકૃષ્ણ શ્રીવાસ્તવ અને ડૉ. એસ. સી. રાય પાસેથી વધુ માહિતી જાણીએ.

એસેન્શિયલ મેડિસિન લિસ્ટમાં આ દવાઓની કેટેગરીને સામેલ કરવામાં આવી : 1. એનેસ્થેટિક્સ, પ્રિ-ઓપરેટિવ દવાઓ અને મેડિકલ ગેસ 2. દર્દ અને પેલિટિવ કેરની દવાઓ 3. એન્ટિ એલર્જિક અને એનાફિલેક્સિસમાં વપરાતી દવાઓ 4. એન્ટિડોટ્સ અને ઝેરની અસર ઓછી કરતી દવાઓ 5. એન્ટિકોનવેલેટ્સ / એન્ટિએપીલેપ્ટિક્સ 6. ઈન્ફેક્શન ઓછી કરતી દવાઓ 7. એન્ટિ માઈગ્રેન દવાઓ

સવાલ : એસેન્શિયલ મેડિસિન એટલે જરૂરી દવાઓ શું હોય છે?

જવાબ : આ એ પ્રકારની દવાઓ છે જે જાહેર આરોગ્ય સંભાળની જરૂરિયાતોને પૂરી કરે છે. આ દવાની પસંદગી પબ્લિક હેલ્થ કેર રૅલીવેન્સ. કેટલી સુરક્ષિત છે તે ખર્ચના આધારે નક્કી કરવામાં આવે છે. કેન્દ્ર સરકારની અનુમતિ વગર આવશ્યક દવાઓના ભાવમાં વધારો કરી શકાય નહીં. સવાલ: આ લિસ્ટમાં દવાઓને સામેલ કરવાથી શું ફાયદો થાય છે?

જવાબ : આપણા શહેરમાં સરકારી હોસ્પિટલ છે, જ્યાં કેટલીક દવાઓ એવી છે જે દવાઓ મફતમાં મળે છે. આ દવાઓની યાદી પ્રાથમિક આરોગ્ય સંભાળ અને જિલ્લા હોસ્પિટલ વતી જુદી-જુદી સરકારને જાય છે. NLEMમાં લિસ્ટમાં સામેલ આવશ્યક દવાઓ સરકારી હોસ્પિટલમાં હોવી જરૂરી છે. જેથી કરીને તમે આ દર્દીને માટે મફતમાં મેળવી શકો અને તમારા પૈસાનો ખર્ચ ન થાય.

સવાલ : જો આ દવાઓ હોસ્પિટલમાં ન મળે તો ફરિયાદ કરી શકાય છે? જવાબ : જો ડોક્ટર તમને કોઈ દવા લખી આપે છે અને તમે તે દવાઓ લેવા માટે સરકારી હોસ્પિટલમાં જાવ છો અને દવા પૂરી થઇ ગઈ હોય ને NLEMના લિસ્ટમાં હોય તો આ સ્થિતિમાં CMHOમાં ફરિયાદ કરી શકો છો. આ આબાદ અધિકારીઓ તમારા માટે દવા ઉપલબ્ધ કરાવશે. આ 26 દવાઓને અપડેટેડ લિસ્ટમાંથી હટાવી દેવામાં આવી છે. અલ્ટેપ્લેઝ, એટેનોલોલ, બ્લીચિંગ પાઉડર, કેપ્રિઓમાસીન, સેટ્રીમાઇડ, ક્લોરફેનિરામાઇન, ડીલોક્સાનાઇડ ફ્યુરોએટ, ડીમેરકાપ્રોલ, એરીથ્રોમાસીન, એથિનીલેસ્ટ્રાડીઓલ, એથિનીલેસ્ટ્રાડીઓલ (એ) નોરેથિસ્ટેરોન (બી), ગેન્સીક્લોવીર, કેનામાયસીન, લેમિવુડાઇન, નેવીરાપાઇન(બી), સ્ટેવુડિન (C), લેફ્લુનોમાઇડ, મેથાઈલડોપા, નિકોટીનામાઈડ, પેજીલેટેડ ઈન્ટરફેરોન આલ્ફા 2A, પેગીલેટેડ ઈન્ટરફેરોન આલ્ફા 2B, પેન્ટામીડીન, પ્રીલોકેઈન (A), લિગ્નોકેઈન (બી), પ્રોકાર્બેઝિન, રેનિટીડિન, સ્ટેવિન્યુડિન, સ્ટેવિન્યુડિન (એ) (બી), સુક્રેલફેટ અને સફેદ પેટ્રોલેટમ દવાઓનો સમાવેશ થાય છે.

# મોબાઈલ સ્ક્રીનમાંથી આવતી બ્લૂ લાઈટ ઊંઘની ગુણવત્તાને નુકસાન પહોંચાડતી નથી

આપણા મેટાબોલિઝમ અને સ્લીપ સાઈકલ પર સ્ક્રીનમાંથી આવતી બ્લૂ લાઈટની ખરાબ અસરને ધ્યાનમાં રાખીને સૂવાના કમ સે કમ એક કલાક પહેલાં ડિજિટલ ડિવાઈસને બંધ રાખવાની સલાહ આપવામાં આવે છે. જો કે, તાજેતરમાં પ્રકાશિત થયેલું રિસર્ચ એવો નિર્દેશ કરે છે કે, 'લિમિટેડ સ્ક્રીન ટાઈમ' આપણા શરીર માટે હાનિકારક નથી અથવા તે ઊંઘની ગુણવત્તાને ગંભીર અસર કરતું નથી. એટલે કે સૂતા પહેલાં જો કોઈ કામને લઈને 5-10 મિનિટ મોબાઈલ એક્સેસ કરવો પડે તો તેનાથી તમારી ઊંઘ પર કોઈ નકારાત્મક અસર પડતી નથી.

સ્લીપ રિસર્ચ સોસાયટી વતી ઓક્સફર્ડ એકેડેમિકમાં પ્રકાશિત થયેલા સંશોધનમાં તપાસ કરવામાં આવી હતી કે, આંખોમાં ફોટોસેન્સિટિવ રેટિના ગેન્ગ્લિઅન કોષો (ipRGCs) ને પ્રભાવિત કરતી બ્લૂ લાઈટની ઊંઘની ગુણવત્તા પર કોઈ અસર થશે કે કેમ? મેલાટોનિન હોર્મોન આપણને ઊંઘ આવવા પાછળ જવાબદાર હોય છે અને એવું માનવામાં આવે છે કે, બ્લૂ લાઈટ તે હોર્મોનને નુકસાન પહોંચાડે છે. તો ચાલો જાણીએ કે, આ વાત સાચી છે કે ખોટી?

18-30 વર્ષની વયની 29 વ્યક્તિઓ કે જેમાં 15 મહિલાઓનો સમાવેશ થાય છે, તેમના પર સ્લીપ લેબમાં આ સંશોધન કરવામાં આવ્યું હતું, આ સ્લીપ લેબમાં બે પ્રકારની લાઈટ્સ હતી અને આ બંને લાઈટ એકસરખી લાગતી હોવાથી તે બંને વચ્ચેનો તફાવત ભાગ્યે જ કોઈ સમજી શકે. સંશોધનમાં સામેલ લોકો તંદુરસ્ત યુવાન વયસ્કો હતા. એક અઠવાડિયા માટે સામાન્ય સૂવાના સમય પહેલાં 50 મિનિટ કે 1 કલાક માટે સ્ક્રીનમાંથી આવતા એક પ્રકારના પ્રકાશના સંપર્કમાં આવ્યા હતા. પછી એક અઠવાડિયા પછી તેમને બીજા પ્રકારના પ્રકાશ હેઠળ પરીક્ષણ કરવામાં આવ્યું. આ અભ્યાસમાં લોકોના હોર્મોનના સ્તરમાં 14% ઘટાડો થયો હતો, પરંતુ ઊંઘની ગુણવત્તા પર કોઈ ખાસ અસર જોવા મળી નથી. સંશોધકોમાંના એક ક્રિસ્ટીન બ્લુમે ન્યૂ સાયન્ટિસ્ટ મેગેઝિનને સમજાવ્યું કે, મેલાટોનિન અને ઊંઘ લોકો વિચારે છે તેટલી નજીકથી જોડાયેલા નથી. તે ઉમેરે છે કે, ચોક્કસ સમયે સૂવાની જરૂરિયાત મોટાભાગે તમારા શરીરની આંતરિક ઘડિયાળ પર આધારિત છે. લોકોના હોર્મોનના સ્તરમાં 14% ઘટાડો થયો હતો, પરંતુ ઊંઘની ગુણવત્તા પર કોઈ ખાસ અસર જોવા મળી નથી



જો કે, અન્ય નિષ્ણાતો કહે છે કે આ સંશોધન નિર્ણાયક રીતે સાબિત કરતું નથી કે સૂતા પહેલાં બ્લૂ લાઈટના સંપર્કમાં આવવા છતાં આપણી ઊંઘની ગુણવત્તા પર કોઈ અસર થતી નથી. તે કહે છે કે, માત્ર એટલું જ છે કે આ પ્રયોગમાં જે લાઈટનો પ્રકાશ દેખાય છે તે હાનિકારક નથી, પરંતુ સ્ક્રીન બીજી જુદી-જુદી પ્રકારની લાઈટનું ઉત્સર્જન પણ કરે છે તેમછતાં આ અભ્યાસ આપણા ઊંઘના ચક્રને સંચાલિત કરતી જટિલ ઘટનાનો અભ્યાસ કરવા માટે ઊંડા સંશોધનની જરૂરિયાત દર્શાવે છે.


મા કાર્ડ તથા આયુષ્માન કાર્ડ ધારકો માટે વિના મુલ્યે સારવાર*

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના
આયુષ્માન ભારત

હૃદય રોગને લગતી તમામ પ્રકારની સારવાર
- એન્જીયોગ્રાફી
- એન્જીયોપ્લાસ્ટી
- બાયપાસ સર્જરી વગેરે...

યુરોલોજી તથા ડાયાલીસીસ
- મુત્રમાર્ગની પથરી (PCNL)
- પ્રોસ્ટેટના ઓપરેશન (TURP)
- કીડનીની તકલીફો (ડાયાલીસીસની સારવાર)
- મુત્રમાર્ગના કેન્સરના ઓપરેશનો

ઘુંટણ તથા થાપાના સાંધા બદલવાના ઓપરેશન
- TKR & THR
- આર્થરોસ્કોપી

કેન્સર વિભાગ
- કીમોથેરાપી
- કેન્સરના ઓપરેશનો
- રેડીયોથેરાપી

સ્પાઈન ઓપરેશન
- ગાદી ખસી જવી કે મણકાનું ફ્રેકચર
- પગમાં ખાલી ચડવી કે નસ દબાવવી વગેરે...

ઈ.એન.ટી. વિભાગ
- તમામ પ્રકારની કાન-નાક-ગળાની સારવાર

એક માનવ સેવા મંદિર
શ્રેષ્ઠતા - સત્યતા - પારદર્શકતા
ગોકુલ હોસ્પિટલ
રાજકોટ
PATIENT SAFETY & QUALITY OF CARE
NABH
ACCREDITED

વિદ્યાનગર રોડ - 99043 99043 | કુવાડવા રોડ - 7900 108 108

### નોટિસથી જૈન સમાજમાં હલચલ મચી ગઈ

# હાઇવેના વાઇડનિંગમાં અવરોધરૂપ દેરાસરના ડિમોલિશનનો જૈન સમાજ દ્વારા થયો વિરોધ

## ૧૨૫ વર્ષ જૂના શ્રી નેમિનાથ જૈન બ્રહ્માચર્યાશ્રમ દ્વારા સંચાલિત મેઘપાર્શ્વનાથ જૈન શ્વેતાંબર દેરાસરને ડિમોલિશનની નોટિસ મોકલી

। નાશિક,તા.૧૨ ।

નાશિક પાસે આવેલા ચાંદવડ નૅશનલ હાઈવે પર બની રહેલા ફ્લાયઓવરના બાંધકામ અને રસ્તાને પહોળો કરવા માટે નૅશનલ હાઈવે ઑથોરિટીએ ૧૦૦થી ૧૨૫ વર્ષ જૂના શ્રી નેમિનાથ જૈન બ્રહ્માચર્યાશ્રમ દ્વારા સંચાલિત મેઘપાર્શ્વનાથ જૈન શ્વેતાંબર દેરાસરને ૧૮ ઑક્ટોબરે ડિમોલિશનની નોટિસ મોકલી છે, જેના પરિણામે મુંબઈ અને મહારાષ્ટ્રના જૈન સમાજમાં ખળભળાટ મચી ગયો છે.જૈન સમાજે નૅશનલ હાઈવે ઑથોરિટીને એમની નોટિસ પાછી ખેંચવાની વિનંતી કરતાં કહ્યું છે કે જો અમારા દેરાસરની એક પણ ઈંટને આંચ આવશે તો અમે જૈનો રોડ પર ઊતરતાં અચકાઈશું નહીં.આ બાબતની માહિતી આપતાં શ્રી નેમિનાથ જૈન બ્રહ્માચર્યાશ્રમના ટ્રસ્ટી સુનીલ ચોપડાએ 'મિડ-ડે'ને કહ્યું હતું કે 'વર્ષો પહેલાં સાધુભગવંતોને વિહાર સમયે આરામ મળે અને તેઓ ધર્મઆરાધના કરી શકે એ ઉદ્દેશથી દેરાસર અને ઉપાશ્રય બાંધવામાં આવ્યાં હતાં. દસ વર્ષ પહેલાં પિંપળગાંવ-ધુળે હાઈવેને ચાર લાઈનનો કરવામાં આવ્યો હતો. એમના સર્વે પ્રમાણે નૅશનલ હાઈવે ઑથોરિટી કહે છે કે એમના કામમાં મેઘપાર્શ્વનાથ જૈન શ્વેતાંબર દેરાસર અવરોધક બનતું હોવાથી એને ડિમોલિશ કરવું જરૂરી છે. ઑથોરિટી સાથે જૈન સમાજના અગ્રણીઓએ અનેક વાર મીટિંગ કરીને તેમના પ્લાનને દેરાસર બચી શકે એ રીતે બનાવવા માટે વિનંતી કરી છે. આમ છતાં તેઓ ટસના મસ થવા તૈયાર નથી. અમારા વિરોધ પછી પણ તેમણે અમને નોટિસ મોકલીને કહ્યું છે કે ફ્લાયઓવરની બન્ને બાજુએ આવનારા સર્વિસ રોડને તમારા દેરાસરની દીવાલ અને દેરાસર અવરોધક બનતાં હોવાથી તમે દેરાસરને હટાવી લો, નહીંતર તમારા ખર્ચે અમારે દેરાસરને તોડી પાડવું પડશે. આ નોટિસથી જૈન સમાજમાં હલચલ મચી ગઈ છે.

### યુક્રેનના લોકોને ડરાવવાના રશિયાના પ્રયાસની ઝેલેન્સ્કીએ ટીકા કરી

# રશિયાનો યુક્રેન ઉપર બૉંબ, ડ્રોન અને મિસાઇલથી હુમલો, ૬નાં મોત

## રશિયાએ ગ્લાઇડ બૉંબ, ડ્રોન અને એક બેલેસ્ટિક મિસાઇલથી સોમવારે દક્ષિણ અને પૂર્વ યુક્રેનના શહેરો પર હુમલો કર્યો હતો : આ હુમલામાં ૩૦ લોકો ઘાયલ થયા

। કીવ, તા.૧૨ ।

રશિયાએ ગ્લાઈડ બૉંબ, ડ્રોન અને એક બેલેસ્ટિક મિસાઈલથી સોમવારે દક્ષિણ અને પૂર્વ યુક્રેનના શહેરો પર હુમલો કર્યો હતો. આ હુમલામાં ઓછામાં ઓછા ૬ નાગરિકોના મોત થયા છે, અને લગભગ ૩૦ લોકો ઘાયલ થયા છે. ટેલીગ્રામ મેસેજિંગ એપ પર એક પોસ્ટમાં રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ કહ્યું કે, "પ્રત્યેક દિવસ, પ્રત્યેક રાત, રશિયા એક જ પ્રકારનો આતંક કરે છે." રશિયાએ તાજેતરમાં જ યુક્રેન પર હુમલાઓ તેજ કરી દીધા છે. આ દરમિયાન યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ કહ્યું કે, "યુક્રેનના લોકોને ડરાવવા અને યુદ્ધને ચાલું રાખવાની તેમની



ઈચ્છાને ઓછી કરવા માટે આ એક સ્પષ્ટ પ્રયાસ છે, જે પોતાના ૧૦૦૦ દિવસીય માઈલસ્ટોન નજીક પહોંચી રહ્યો છે."યુક્રેનના અધિકારીઓએ જણાવ્યું કે, રશિયાએ ડ્રોનથી માયકોલાઈવ પર હુમલો કર્યો, જેમાં પાંચ લોકોના મોત થયા અને એક ૪૫ વર્ષીય મહિલા ઘાયલ થઈ છે. આ હુમલા પછી લગભગ બે ડઝન લોકોએ મનોવૈજ્ઞાનિક મદદ માંગી, જેમાં તેમના ઘર અને દુકાનોને વ્યાપક નુકસાન પહોંચ્યું છે. જ્યારે જાપોરિજ્જિયા શહેર પર ત્રણ શક્તિશાળી ગ્લાઈડ બૉંબ ફેંકવામાં આવ્યા, જેમાં એક વ્યક્તિનું મોત અને ૨૧ લોકો ઘાયલ થયા હતા. જ્યારે ઝેલેન્સ્કીના ગૃહનગર ક્રિવી રિહમાં એક પાંચ માળની બિલ્ડિંગ પર રશિયાએ બેલેસ્ટિક મિસાઈલથી હુમલો કર્યો, જેમાં આઠ લોકો ઘાયલ થયા હતા. અહીંયા નોંધવું રહ્યું કે, રશિયા અને યુક્રેન બંને રાહ જોઈ રહ્યા છે કે જાન્યુઆરીમાં ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપતિનો પદભાર સંભાળ્યા પછી અમેરિકા યુદ્ધ પર કેવી નીતિ અપનાવે છે. અમેરિકા યુક્રેનને સૈન્ય મદદ કરનાર સૌથી મોટો દેશ છે, પરંતુ ટ્રમ્પે કીવ(યુક્રેન)ને અબજો ડોલરની સહાય કરવાની બાઈડન સરકારની ટીકા કરી છે.

### ન્યૂઝ બ્રિફ



## સોનુ સૂદને થાઈલેન્ડના બ્રાન્ડ એમ્બેસેડર અને પ્રવાસન સલાહકાર બનાવવામાં આવ્યા

। મુંબઈ,તા.૧૨ ।

સોનુ સૂદે કોરોના મહામારી દરમિયાન લાખો લોકોના દિલ જીતીને માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં પોતાની અલગ ઓળખ બનાવી છે. હવે તેના ખાતામાં વધુ એક સિદ્ધિ ઉમેરાઈ છે. જે તેના ચાહકો માટે એક સારા સમાચાર છે. ખરેખર, સોનુને થાઈલેન્ડનો બ્રાન્ડ એમ્બેસેડર જાહેર કરવામાં આવ્યો છે. થાઈલેન્ડના પ્રવાસન મંત્રાલયે તેમને માનદ પ્રવાસન સલાહકારનું પ્રમાણપત્ર પણ આપ્યું હતું. આ માહિતી તેણે પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર શેર કરી છે.સોનુએ કોરોના મહામારી દરમિયાન લાખો બેઘર લોકોને ટેકો આપ્યો અને ઘણા લોકોની મદદ કરી. તેમના પરોપકારી કાર્યને કારણે તેમણે સમગ્ર વિશ્વમાં એક અલગ ઓળખ મેળવી હતી. તેથી જ થાઈલેન્ડના પ્રવાસન મંત્રાલયે તેમને માનદ પ્રવાસન સલાહકાર તરીકે નિયુક્ત કર્યા અને આ માટે તેમને વિશેષ પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યું. ઈન્સ્ટાગ્રામ પર આ માહિતી આપતા તેણે પોતે લખ્યું, 'થાઈલેન્ડમાં પર્યટન માટે બ્રાન્ડ એમ્બેસેડર અને સલાહકાર તરીકે પસંદ થવા બદલ હું સન્માનિત અને નમ્ર છું. મારી પ્રથમ આંતરરાષ્ટ્રીય સફર મારા પરિવાર સાથે આ સુંદર દેશની હતી.

## બોક્સ ઓફિસના આંકડાઓમાં વધુ પારદર્શિતાની જરૂર : અજય દેવગન

। મુંબઇ,તા.૧૨ ।

બોલિવૂડમાં બોક્સ ઓફિસના છેતરામણા આંકડાઓ કે ખોટાં આંકડાઓ અંગે અવારનવાર ચર્ચાઓ થતી રહે છે. થોડાં વખત પહેલાં આલિયા ભટ્ટ પર પણ બોક્સ ઓફિસના ખોટાં આંકડાઓ જાહેર કરવાનો આક્ષેપ થયો હતો. હવે આ ચર્ચામાં અજય દેવગન પણ જોડાયો છે. તેણે બોક્સ ઓફિસના બેઝનેસમાં પ્રાદર્શિતાની વાત પર ભાર મુક્યો હતો. તાજેતરમાં એક કાર્યક્રમમાં હાજર રહેલાં અજય દેવગનને ચાઈનમાં રહેલી બોક્સ ઓફિસ કલેક્શનની દર કલાકે થતી જાહેરાત, સરેરાશ ટિકિટના દર તેમજ કયા એજ ગ્રુપની ટિકીટ વધુ વેંચાઈ એ અંગે એક ચોક્કસ તંત્ર ગોઠવવામાં આવ્યું છે, તે અંગે પૂછાતાં અજયે કહ્યું હતું,'એ જરૂરી છે અને મને લાગે છે કે આપણે ધીરે ધીરે ત્યાં પહોંચી પણ રહ્યા છીએ.મનોરંજન ઉદ્યોગમાં આવી રહેલાં પરિવર્તનોથી તેને કેટલાક પડકારોના સામનો કરવો પડે છે તે અંગે અજયે કહ્યું,'ફિલ્મ મેકર્સ આજકાલ સ્ક્રિપ્ટ કરતાં વધારે આંકડાઓની વાત કરે છે.

## રેલી પહેલાં ચૂંટણી અધિકારીઓએ મારી બેગ તપાસી: ઉદ્ધવ ઠાકરે

। નવી દિલ્હી, તા.૧૨ ।

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે તમામ પક્ષો જોરશોરથી પ્રચાર અભિયાન ચલાવી રહ્યા છે. આ દરમિયાન નેતાઓ એકબીજા પર આક્ષેપો પણ કરી રહ્યા છે. જોકે, શિવસેના(યુબીટી)ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ સોમવારે એક વિચિત્ર દાવો કર્યો છે કે, "૨૦મી નવેમ્બરે યોજાનાર વિધાનસભા ચૂંટણીના પ્રચાર માટે મહારાષ્ટ્રના યવતમાલ પહોંચવા પર અધિકારીઓએ તેમની બેગની તપાસ કરી હતી."આ સાથે ભૂતપૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ પ્રશ્ન કર્યો કે, "શું ચૂંટણી અધિકારી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહ કે મુખ્યમંત્રી એકનાથ શિંદે અને નાયબ મુખ્યમંત્રી અજિત પવાર કે દેવેન્દ્ર ફડણવીસની બેગની તપાસ કરી છે?"ઉદ્ધવ ઠાકરેએ યવતમાલના વાનીમાં શિવસેના(યુબીટી)ના ઉમેદવાર સંજય ડેરકર માટે જાહેરસભા સંબોધિત કરતી વખતે આ કડવા અનુભવ વિશે વાત કરી હતી. શિવસેના(યુબીટી)ના પ્રમુખ ઠાકરેએ કહ્યું કે, "જ્યારે એ હેલીકોપ્ટર દ્વારા વાની પહોંચ્યા તો કેટલાક ચૂંટણી અધિકારીઓએ તેમની બેગની તપાસ કરી હતી.

### સ્થાનિક રાજકારણમાં ભારે ગરમાવો આવ્યો

# ભાજપના નેતા પંકજા મુંડે મહાગઠબંધનમાં એનસીપી અને અજિત પવારથી બહુ ખુશ નથી

## મને ધનંજયને સીટ વહેંચણીના સોદામાં (પાર્લી) મતવિસ્તાર મળવા અંગે કંઈ જ લાગતું નથી કારણ કે હું હવે એમએલસી છું



। મુંબઇ,તા.૧૨ ।

મહારાષ્ટ્રમાં ભાજપના નેતા પંકજા મુંડે અને તેમના પિતરાઈ ભાઈ ધનંજય મુંડે વચ્ચે લાંબા સમયથી રાજકીય સંઘર્ષ ચાલી રહ્યો છે. ગત મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં એનસીપી નેતા ધનંજયે પંકજાને હરાવ્યા હતા. ત્યારથી મહારાષ્ટ્રમાં ઘણું બદલાઈ ગયું છે. ધનંજય મુંડેને અજિત પવારની ખૂબ નજીક માનવામાં આવે છે અને તેઓ સત્તાધારી મહાયુતિ સાથે છે. ફરી એકવાર તેઓ પરલી બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. આ બેઠક પર તેમની બહેન સાથે સ્પર્ધા હોવાથી તેમને હવે પંકજાના સમર્થનની જરૂર છે. પરંતુ એવું લાગે છે કે ભાજપના નેતા પંકજા મુંડે મહાગઠબંધનમાં એનસીપી અને અજિત પવારથી બહુ ખુશ નથી. ત્યારબાદ પંકજા મુંડેએ પરલીમાં આયોજિત દિવાળી સ્નેહ મિલન કાર્યક્રમમાં પોતાના સમર્થકોને સંબોધિત કરતી વખતે ધનંજયને એવી રીતે સમર્થન આપ્યું કે લોકો મૂંઝાઈ ગયા. "મને ધનંજયને સીટ વહેંચણીના સોદામાં (પાર્લી) મતવિસ્તાર મળવા અંગે કંઈ જ લાગતું નથી કારણ કે હું હવે એમએલસી છું અને અમે એકબીજા સામે ઘણી શક્તિ ખર્ચી છે," તેમણે કહ્યું.


### ટેક્સના દરોને ૧૨ ટકાથી ઘટાડીને ૫ ટકા કરે તેવી શક્યતા

# નાણામંત્રી નિર્મલા સીતારમણ આવતા મહિનાની ૨૧-૨૨મી તારીખે રાજ્યોના નાણા મંત્રીઓને મળશે

## દરોના તર્કસંગતીકરણ પર રચાયેલા મંત્રીઓના જૂથે ૨૦ લિટર અને તેનાથી વધુના પેકેજ્ડ પીવાના પાણી પર જીએસટી ૧૮ ટકાથી ઘટાડીને ૫ ટકા કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે

। નવીદિલ્હી,તા.૧૨ ।

નાણાપ્રધાન નિર્મલા સીતારમણ આવતા મહિનાની ૨૧-૨૨મી તારીખે પ્રી-બજેટ પરામર્શ અને જીએસટી કાઉન્સિલની બેઠક માટે રાજ્યોના નાણા પ્રધાનોને મળે તેવી શક્યતા છે. રાજ્યોના નાણા પ્રધાનો ૨૦૨૫-૨૬ માટેના બજેટ માટે તેમની ભલામણો રજૂ કરશે, જેનું અનાવરણ ૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ કરવામાં આવશે. પીટીઆઈના સમાચાર અનુસાર, જીએસટી કાઉન્સિલની ૫૫મી બેઠક આ બેમાંથી એક દિવસે યોજાશે. આમાં, આરોગ્ય અને જીવન વીમા પર મુક્તિ અથવા ય્જી દર ઘટાડવા પર બહુપ્રતિક્ષિત નિર્ણય લેવામાં આવશે. રાજ્ય મંત્રીઓની પેનલની ભલામણો અનુસાર કાઉન્સિલ ઘણી સામાન્ય વસ્તુઓ પરના ટેક્સના દરોને ૧૨ ટકાથી ઘટાડીને ૫ ટકા કરે તેવી શક્યતા છે.



સમાચાર અનુસાર, અધિકારીએ જણાવ્યું કે બે દિવસીય બેઠક રાજસ્થાનના જેસલમેર અથવા જોધપુરમાં યોજાવા જઈ રહી છે. ગયા મહિને, આરોગ્ય અને જીવન વીમા જીએસટી પરના પ્રધાનોના જૂથ (જીઓએમ) એ ટર્મ લાઈફ ઈન્સ્યોરન્સ પોલિસી અને વરિષ્ઠ નાગરિકોના આરોગ્ય વીમા માટે ચૂકવવામાં આવતા વીમા પ્રીમીયમને જીએસટીમાંથી મુક્તિ આપવા માટે વ્યાપકપણે સંમત થયા હતા. વરિષ્ઠ નાગરિકો સિવાયની વ્યક્તિઓ દ્વારા રૂ. ૫ લાખ સુધીના કવરેજ સાથે આરોગ્ય વીમા માટે ચૂકવવામાં આવતા પ્રીમિયમને જીએસટીમાંથી મુક્તિ આપવાનો પ્રસ્તાવ છે.૫ લાખથી વધુના સ્વાસ્થ્ય વીમા કવચવાળી પોલિસી માટે ચૂકવવામાં આવેલા પ્રીમિયમ પર ૧૮ ટકા GST લાગવાનું ચાલુ રહેશે. જીએસટી કાઉન્સિલે, ૯ સપ્ટેમ્બરે તેની ૫૪મી બેઠકમાં,જીઓએમને ઑક્ટોબરના અંત સુધીમાં વીમા પર જીએસટી લાદવાના અહેવાલને અંતિમ સ્વરૂપ આપવાનું કામ સોંપ્યું હતું. વધુમાં,જીએસટી દરના તર્કસંગતીકરણ પરના જીઓએમએ પણ સૂચવ્યું છે કે જીએસટી કાઉન્સિલ પેકેજ્ડ પીવાનું પાણી, સાયકલ, કસરતની નોટબુક, લક્ઝરી કાંડા ઘડિયાળો અને જૂતા સહિતની ઘણી વસ્તુઓ પરના ટેક્સ દરમાં ફેરફાર કરે.

## ઝારખંડમાં પ્રથમ તબક્કાની ચૂંટણીનાં પ્રચાર-પડઘમ શાંત

। નવી દિલ્હી, તા.૧૨ ।

ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાની ચૂંટણી માટે પ્રચાર પડઘમ સોમવારે સાંજે શાંત થઈ ગયા છે. અહીં બુધવારે (૧૩ નવેમ્બર) પ્રથમ રાઉન્ડમાં ૧૫ જિલ્લાની ૪૩ બેઠકો માટે મતદાન થશે. આ સાથે જ પ્રથમ તબક્કામાં ચૂંટણી લડનારા તમામ ૬૧૩ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં સીલ થશે. પ્રથમ રાઉન્ડમાં સૌથી વધુ છ બેઠકો પૂર્વ સિંઘભૂમ જિલ્લામાં છે. આ પછી, પલામુ, પશ્ચિમ સિંઘભૂમ અને રાંચી જિલ્લામાં દરેક પાંચ વિધાનસભા બેઠકો છે, જ્યાં બુધવારે મતદાન છે. ઝારખંડની ચૂંટણીના પ્રથમ તબક્કાની લોકપ્રિય બેઠકોમાં સરાયકેલા, અને જમશેદપુર પૂર્વનો સમાવેશ થાય છે.

## ટ્રમ્પ અને પુતિન વચ્ચે કોઈ વાતચીત થઈ જ નથી

। વૉશિંગ્ટન, તા.૧૨ ।

ડૉનાલ્ડ ટ્રમ્પે ચૂંટણીમાં વિજય મેળવ્યા પછી પોતાના ફ્લોરિડા સ્થિત નિવાસસ્થાનેથી પ્રમુખ પુતિનને ફોન કર્યો હોવાના અહેવાલો તદ્દન ખોટા છે તેમ ક્રેમલીને કહ્યું હતું, ક્રેમલીના પ્રવક્તા દિમિત્રી પેસકોવે વધુ સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે, 'આ તદ્દન ખોટી માહિતી છે.'બીજી તરફ દુનિયાના સૌથી પ્રતિષ્ઠિત અખબારો પૈકીના અગ્રણી અખબાર 'વૉશિંગ્ટન પોસ્ટે' તો ખાતરીપૂર્વક કહ્યું હતું કે, નવ-નિર્વાચિત પ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે તેઓના રેસીડેન્ટ કમ રીસોર્ટ ફ્લોનડલાના પામ-બીચ ઉપરના માર-એ-બાગો નગરમાંથી પ્રમુખ પુતિનનો ફોન કર્યો જ હતો. આ બનાવથી પરિચિત લોકોને ટાંકતા એ પ્રમાણે જણાવ્યું હતું.ડૉનાલ્ડ ટ્રમ્પે તેમ પણ કહ્યું હતું કે, 'હું યુદ્ધ શરૂ કરવાનો નથી, હું તે બંધ કરાવનારો છુ. તેઓએ યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીને પણ ફોન કર્યો હતો. જેમાં ઝેલેનસ્કીએ સામા અભિનંદનો પણ ટ્રમ્પને તેઓના વિજય બદલ આપ્યા હતા. સાથે ધડધપર મોકલેલા આ મેસેજમાં ફોન કરવા માટે ટ્રમ્પનો આભાર માન્યો હતો.આમ ટ્રમ્પે પુતિને કરેલા ફોન અંગે વિરોધાભાસી વિધાનો મળી રહ્યા છે.

### ખડગેએ ભાજપ અને વડાપ્રધાન પર પણ નિશાન સાધ્યું

### ભાજપ નેતાઓએ ઝારખંડ મુક્તિ મોરચાના નેતૃત્વ હેઠળના ગઠબંધન પર રાજ્યને રોહિંગ્યાઓ અને બાંગ્લાદેશી ઘૂસણખોરો માટે 'ધર્મશાળા'માં ફેરવવાનો આરોપ મૂક્યો હતો

# ઝારખંડમાં બાંગ્લાદેશી ઘૂસણખોરી સંબંધિત મની લોન્ડરિંગ એંગલ, ઈડીના ૧૭ સ્થળોએ દરોડા

। નવી દિલ્હી,તા.૧૨ ।

ઈડીએ મંગળવારે ઝારખંડ અને પશ્ચિમ બંગાળમાં બાંગ્લાદેશીઓની ઘૂસણખોરી અને મહિલાઓની હેરફેરનું રેકેટ ચલાવીને ગેરકાયદેસર કમાણી અને મની લોન્ડરિંગના સંબંધમાં ૧૭ સ્થળોએ એક સાથે દરોડા પાડ્યા હતા. ઈડીની ટીમો રાંચીના બરિયાતુમાં હોટેલ સ્કાયલાઈન, અશ્વી ડાયગ્નોસ્ટિક સહિત અનેક સ્થળોએ સર્ચ ઓપરેશન ચલાવી રહી છે. ઝારખંડ અને પશ્ચિમ બંગાળના અન્ય શહેરોમાં પણ દરોડા પાડવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

જૂન મહિનામાં રાંચીના બરિયાતુ પોલીસ સ્ટેશનની પોલીસે એક હોટલમાંથી બાંગ્લાદેશની ત્રણ યુવતીઓને પકડી હતી. તેની પાસે ન તો વિઝા હતો કે ન તો પાસપોર્ટ. પોલીસે આમાંથી એક મહિલા પાસેથી




'બનાવટી' આધાર કાર્ડ પણ કબજે કર્યું છે. તેઓને કથિત રીતે વેશ્યાવૃત્તિ માટે લાવવામાં આવ્યા હતા. એફઆઈઆરમાં, મહિલા ફરિયાદીને ટાંકીને, એવું કહેવામાં આવ્યું છે કે તેણીને 'બ્યુટી સલૂન'માં નોકરી અપાવવાના બહાને વેશ્યાવૃત્તિ માટે બાંગ્લાદેશથી ભારતમાં કથિત રીતે તસ્કરી કરવામાં આવી હતી. એફઆઈઆર મુજબ બાંગ્લાદેશની અંદાજે ૨૧ વર્ષની યુવતીને અન્ય યુવતીની મદદથી કોલકાતા લાવવામાં આવી હતી. ૩૧મી મેની મધ્યરાત્રિએ ખાનગી એજન્ટોની મિલીભગતથી યુવતીને જંગલ વિસ્તારમાંથી ગેરકાયદેસર રીતે બાંગ્લાદેશ સરહદ પાર કરાવવામાં આવી હતી.

તપાસમાં સામે આવ્યું છે કે પાસપોર્ટ વિના કે નકલી દસ્તાવેજો દ્વારા પશ્ચિમ બંગાળથી ઝારખંડમાં બાંગ્લાદેશીઓને ઘૂસણખોરી કરવા માટે એક આખું નેટવર્ક સક્રિય છે અને આ મામલે મોટા પાયે પૈસાની રમત રમાઈ રહી છે.

### માર્ગ પરિવહન મંત્રાલયનાં ડેટા | સુપ્રીમ કોર્ટે પણ આવાં મૃત્યુને રોકવા માટે સીટ બેલ્ટ અને હેલમેટ જેવાં કાયદાઓના કડક પાલન માટે પગલાં લેવા કહે છે

# ૧૦ વર્ષમાં માર્ગ અકસ્માતોમાં ૧૫ લાખ લોકોએ જીવ ગુમાવ્યાં

। નવી દિલ્હી,તા.૧૨ ।

ભારતમાં છેલ્લાં એક દાયકામાં, લગભગ ૧૫.૩ લાખ લોકો માર્ગ અકસ્માતમાં માર્યા ગયાં છે. આ સંખ્યા ચંડીગઢની વસ્તી કરતાં પણ વધુ છે. કેન્દ્ર સરકાર વારંવાર માર્ગ અકસ્માતોને ઘટાડવા પ્રયત્નો કરી રહી છે અને સુપ્રીમ કોર્ટે પણ આવાં મૃત્યુને રોકવા માટે સીટ બેલ્ટ અને હેલમેટ જેવાં કાયદાઓના કડક પાલન માટે પગલાં લેવા કહે છે.

કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રાલયનાં ડેટા દર્શાવે છે કે,



દેશમાં માર્ગ અકસ્માતમાં મૃત્યુ દર ૧૦૦૦૦ કિલોમીટર દીઠ ૨૫૦ ની આસપાસ છે.આ આંકડો યુએસમાં ૫૭, ચીનમાં ૧૧૯ અને ઓસ્ટ્રેલિયામાં ૧૧ છે.માર્ગ પરિવહન મંત્રાલય દ્વારા એકત્રિત કરવામાં આવેલાં ડેટા મુજબ અગાઉનાં દાયકામાં એટલે કે ૨૦૦૪-૧૩ માં, માર્ગ અકસ્માતમાં ૧૨.૧ લાખ લોકોનાં જીવ ગયાં હતાં.જ્યારે છેલ્લાં દાયકામાં જાનહાનિમાં વધારો થયો છે આ માટે વસ્તી વધારો, રસ્તાની લંબાઈ અને વાહનોની સંખ્યામાં વધારો થતાં અકસ્માતમાં વધારો થયો હોવાનો અંદાજ છે. નિષ્ણાતો કહે છે કે આ મોટા પાયે જાનહાનિને રોકવા માટે વધુ પ્રયત્નો કરવામાં આવ્યાં નથી.

સરકારી ડેટા દર્શાવે છે કે, રજીસ્ટર્ડ વાહનોની સંખ્યા ૨૦૧૨ માં ૧૫.૯ કરોડથી વધીને ૨૦૨૪ માં લગભગ ૩૮.૩ કરોડ થઈ છે અને રસ્તાની લંબાઈ ૨૦૧૨ માં ૪૮.૬ લાખ કિમીથી વધીને ૨૦૧૯ માં ૬૩.૩ લાખ કિમી થઈ છે. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, દર વર્ષે વધુ લોકોનાં મૃત્યુનું કારણ રસ્તાની લંબાઈ અને વાહનોમાં વધારો ન હોઈ શકે. તેઓએ ઉમેર્યું હતું કે જ્યારે તે જાણીતું છે અને ઘણી વખત હાઈલાઈટ કરવામાં આવે છે કે માર્ગ સલામતી એ બહુ-ક્ષેત્રીય મુદ્દો છે જેમાં સરકારી વિભાગો, હિતધારકો અને એનજીઓ વચ્ચે વધુ સહકારની જરૂર છે, પરંતુ સંબંધિત એજન્સીઓએ આ દિશામાં પુરતું કામ કર્યુ નથી.

